આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૩૧ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫




# વાપીના હરિયા પાર્કમાંથી 'ઈન્ટરનેશનલ ફેક કોલ સેન્ટર' ઝડપાયું

## કેનેડિયન નાગરિકોને ડરાવી લાખો રૂપિયા પડાવતી ગેંગના ૧૧ સાગરીતો મુદ્દામાલ સાથે જેલભેગા







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** ગુજરાતમાં ગુનેગારો હવે વિદેશી નાગરિકોને નિશાન બનાવી રહ્યા છે, ત્યારે વલસાડ જિલ્લાની એસઓજી પોલીસને એક મોટી સફળતા મળી છે. વાપીના હરિયા પાર્ક ડુંગરા વિસ્તારમાં ધમધમતા એક હાઈટેક ઈન્ટરનેશનલ ફેક કોલ સેન્ટરનો પોલીસે પર્દાફાશ કર્યો છે. આ શાતિર ઠગો કેનેડાના નાગરિકોને પોતાના શિકાર બનાવતા હતા અને ત્યાંની તપાસ એજન્સીઓના નકલી અધિકારી બનીને કરોડો રૂપિયા પડાવતા હતા.

વલસાડ એસઓજીએ બાતમીના આધારે વાપીના ડુંગરા ખાતે આવેલા હરિયા પાર્કમાં અલ્કેશ શાહના બંગલામાં દરોડા પાડીને ભૂલી છે. બે મહિલા સહિત કુલ ૧૧ આરોપીઓની ધરપકડ કરી છે.

વલસાડ જિલ્લાનું ઔદ્યોગિક નગર વાપી ફરી એકવાર ચર્ચામાં આવ્યું છે. વલસાડ એસઓજીને બાતમી મળી હતી કે વાપીના હરિયા પાર્ક ડુંગર વિસ્તારમાં રાતના અંધારામાં એક હાઈફાઈ બંગલામાં ગેરકાયદેસર કોલ સેન્ટર ચાલી રહ્યું છે. જેના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડ્યો હતો અને આ બંગલામાંથી ઈન્ટરનેશનલ કોલ સેન્ટર એટલે કે કેનેડા તેમજ અન્ય દેશોમાં રહેતા લોકોને તેમના નામે આવેલ પાર્સલમાં ડ્રગ્સ કે અન્ય નશા યુક્ત પાવડર હોવાનું જણાવી ધમકાવી તેમની પાસેથી મોટી રકમ પડાવી લેતા હતાં. પોલીસે આ કોલ સેન્ટર માંથી કોલ કરતા પહેલા ૧૧ પૈકી બે મહિલા અને નવ પુરુષોને ઝડપી પાડી વાપી એસ.ઓ.જી. પોલીસની ટીમે વધુ તપાસ હાથ ધરી છે.જોકે આ કોલ સેન્ટર કેટલા સમયથી ચાલતું હતું અને તેને કોણ ચલાવતું હતું સાથે અહીં તેને સપોર્ટ કરનાર અંગે પણ તપાસ થઈ રહી છે.

### ઝડપાયેલા આરોપીઓ

પકડાયેલ આરોપીઓમાં (૧) શીવા રામચંદ્ર સૈની (યુ.પી./મુંબઈ), (૨) કમલસાવ્મ હાઉઝલ (મણીપુર), (૩) મુનસંગલિયન હાઉઝલ (મણીપુર), (૪) લીયન્મોનલાલ નઉલક (મણીપુર), (૫) મેઘના યાદવ (યુ.પી./મુંબઈ), (૬) શેખર કાંબલે (મહારાષ્ટ્ર), ૭) શ્રુતી રાય (યુ.પી./ મુંબઈ), (૮) રિતેશ કુંભાર (મુંબઈ, (૯) કૃતિક સકપાલ (મુંબઈ, (૧૦) કાર્તીક બનસોડ (નાગપુર/મુંબઈ), (૧૧) જીગર માવદિયા (નાગપુર/મુંબઈ) તમામ આરોપીઓ હાલ વાપીના ડુંગરા ખાતે એક જ બંગલામાં ભાડે રહી કોલ સેન્ટર ચલાવતા હતાં. જ્યારે ૧ આરોપી રાજેશ ઉર્ફે રાજ ઠોલાર રહે. જાગૃતી નગર મેટ્રો સ્ટેશન પાસે, મુંબઈ ને વોન્ટેડ જાહેર કરાયો છે






# ચીખલીમાં કોંગ્રેસ દ્વારા મોંઘવારી મુદ્દે રેલી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૧૧ :** નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ ચીખલી રેફરલ હોસ્પિટલથી ચીખલી તાલુકા મામલતદાર કચેરી સુધી કાર્યકરો સાથે રેલી યોજી દેશમાં દિવસેને દિવસે વધતી જતી મોંઘવારીના વિરુદ્ધમાં ચીખલી વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં ચીખલી તાલુકા મામલતદારને એક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ગુજરાતમાં પાછલાં ઘણા વર્ષોથી ભાજપની સરકાર છે. ભાજપનો ભ્રષ્ટ ગેર વહીવટ તેની ચરમશીમાએ પહોંચ્યો છે અને પ્રજા મોંઘવારી અને બેકારી વચ્ચે પીસાઈ રહી છે. રોજ સવારે ઉઠતાની સાથે જ પેટ્રોલ ડીઝલ, સીએનજી તથા ઘરેલુ વપરાશમાં વાપરવામાં આવતો ગેસના ભાવો પણ દિન પ્રતિદિન વધી રહ્યા છે. સામાન્ય માણસની સાથે મહિલાઓનું પણ બજેટ ખોરવાઈ જવા પામ્યું છે. ત્યારે અનેક મુદ્દાઓને ધ્યાનમાં લઈ આજરોજ ચીખલી રેફરલ હોસ્પિટલથી ચીખલી તાલુકા મામલતદાર કચેરી સુધી બળદગાડા સાથે કોંગ્રેસના કાર્યકરોની હાજરીમાં રેલી કાઢવામાં આવી હતી અને ચીખલી તાલુકા મામલતદારને એક આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું હતું.

# બીલીમોરા-ગણદેવી રોડ પર છાશનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૧૧ :** બીલીમોરા-ગણદેવી રોડ પર કાર્યરત અને ગ્રાહકોના અવિરત વિશ્વાસ તેમજ શુદ્ધતાનું પ્રતીક બનેલા 'શ્રી દત્ત પેટ્રોલિયમે' સફળતાપૂર્વક ૧૩ વર્ષ પૂર્ણ કરી મંગળવારે ૧૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આ ખાસ અવસરે પેટ્રોલ પંપ પરિસરમાં પ્રશંસનીય સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં અસહ્ય ગરમીથી તોબા પોકારી ઉઠેલા વાહનચાલકો અને રાહદારીઓને ૨૫૧ લીટર ઠંડી મસાલા છાશનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કાળઝાળ ગરમીમાં અમૃત સમાન ઠંડી છાશ મેળવીને લોકોએ આંશિક રાહત અનુભવી હતી. અત્યાધુનિક સેવાઓથી સજ્જ પેટ્રોલ પંપ પર ગ્રાહકોને શુદ્ધ ડીઝલ-પેટ્રોલની સાથે ઓનલાઈન સીએનજી (CNG)ની ઉત્તમ સુવિધા પણ મળી રહે છે. નોકરી કે ધંધાર્થે બીલીમોરાથી બહાર અપ-ડાઉન કરતા લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને આ પંપ વહેલી સવારથી મોડી રાત સુધી ચાલુ રાખવામાં આવે છે,જેથી વાહનચાલકો કોઈપણ વિક્ષેપ વિના વહેલી સવારથી મોડી સાંજ સુધી આ સેવાનો લાભ લઈ શકે છે.

આ શુભ પ્રસંગે પેટ્રોલ પંપના સંચાલક હેમંતભાઈ ચૌહાણ અને તેમના સુપુત્ર રવિરાજ ચૌહાણે તમામ કર્મચારીઓની મહેનતને બિરદાવી હતી. સાથે જ, વર્ષોથી પંપ પર અતૂટ વિશ્વાસ મૂકનારા તમામ વફાદાર ગ્રાહકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ પેટ્રોલ પંપ પર ગ્રાહકો માટે પીવાનું શુદ્ધ ઠંડુ પાણી, સ્વચ્છ બાથરૂમ, વાહનોમાં ફ્રી હવા અને ફ્રી ઓઈલ ચેન્જ જેવી પાયાની તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# ચીખલી ખાતે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ હવે ૨૨ જૂનના રોજ યોજાશે

**નવસારી, તા. ૧૧ :** લોકાભિમુખ વહીવટના ભાગરૂપે તથા લોકોની ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ ત્વરિત અને અસરકારક નિકાલ થઈ શકે તે હેતુસર દર માસના ચોથા બુધવારે તાલુકા કક્ષાએ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

જે અંતર્ગત જૂન-૨૦૨૬ માસનો તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ મામલતદાર કચેરી, ચીખલી ખાતે તા.૨૪/૦૬/૨૦૨૬ના રોજ યોજાનાર હતો. જે હવે ચીખલી તાલુકા સ્વાગત (ફરિયાદ નિવારણ) કાર્યક્રમ તા. ૨૨/૦૬/૨૦૨૬, સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે.

જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાની ફરિયાદ અરજીઓ સાથે સંબંધિત પુરાવાઓ તથા સંપર્ક માટેનો મોબાઈલ નંબર દર્શાવી અરજીના મથાળે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ - જૂન-૨૦૨૬ લખી, ફરિયાદનો વિષય તેમજ સંબંધિત કયા ખાતાના અધિકારી દ્વારા ફરિયાદનો નિકાલ થવાનો છે તેની વિગતો સ્પષ્ટ રીતે દર્શાવી મામલતદાર, ચીખલીના સરનામે ટપાલ દ્વારા અથવા રૂબરૂ રજૂ કરે. અરજીઓના આધારે રજૂ થયેલી ફરિયાદો અંગે સંબંધિત વિભાગો દ્વારા યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ મામલતદાર, ચીખલી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# વાંસદામાં વિકાસકાર્યોની નેમ સાથે પ્રગતિપથ યાત્રા યોજાઈ



**નવસારી, તા.૧૧ :** પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારના 'વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ'ના ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'પ્રગતિપથ યાત્રા' અંતર્ગત આજે તા.૧૧/૦૬/૨૦૨૬ રોજ વાંસદા તાલુકામાં બે સ્થળોએ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રા દરમિયાન રાજ્ય કક્ષા તેમજ જિલ્લા કક્ષાના વિકાસ પ્રોજેક્ટોની મુલાકાત લઈ પદાધિકારીઓએ પ્રગતિશીલ કાર્યોની સમીક્ષા કરી હતી.

આ અંતર્ગત વાંસદા તાલુકાના જુજ ખાતેની 'કેલિયા જૂથ સુધારણા પાણી પુરવઠા યોજના'ની મુલાકાત સર્વે મહાનુભાવોએ અને અધિકારીઓએ લીધી હતી. આ યોજના અંતર્ગત સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા સ્થાનિક વિસ્તારોમાં પીવાના શુદ્ધ પાણીની ઉપલબ્ધતા, જળ વિતરણ વ્યવસ્થા અને ગ્રામીણ જનજીવન પર તેની હકારાત્મક અસરો અંગે ઉપસ્થિત પદાધિકારીઓને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મહાનુભાવોએ સ્થળ પર ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કરી પ્રોજેક્ટની ઉપયોગિતાની પ્રશંસા કરી હતી.

આ પ્રગતિપથ યાત્રા અંતર્ગત અન્ય કાર્યક્રમ તરીકે વાંસદા તાલુકાની રંગપુર પ્રાથમિક શાળા ખાતે 'પ્રગતિ પથ રથ કાર્યક્રમ' યોજાયો હતો. આ કાર્યક્રમ સાંસદ ધવલભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ મુલાકાત દરમિયાન મહાનુભાવોએ શાળાના વિવિધ વર્ગખંડો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, કૌશલ્ય વિકાસ, સ્વચ્છતા અને શાળામાં ઉપલબ્ધ આધુનિક સુવિધાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે અધ્યક્ષશ્રીએ શાળાના વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધી તેમના અભ્યાસ, સુવિધાઓ અને સર્વાંગી વિકાસ અંગે માહિતી મેળવી બાળકોને ે્રિત કર્યા હતા.

આ પ્રસંગે ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'પ્રગતિપથ યાત્રા'એ પદાધિકારીઓ અને માટે જનહિતના અને વિકાસલક્ષી પ્રોજેક્ટોના અભ્યાસનું એક ઉત્તમ માધ્યમ છે. વિવિધ ક્ષેત્રોમાં થઈ રહેલા વિકાસકાર્યોને નજીકથી જાણવાની તક મળવાથી લોકકલ્યાણની યોજનાઓ વધુ અસરકારક રીતે લોકો સુધી પહોંચાડી શકાશે.

આ પ્રગતિપથ યાત્રામાં નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ નિરાલીબેન નાયક, માજી પ્રમુખ પરેશભાઈ દેસાઈ, તાલુકા પંચાયત પ્રમુખ કૌશિકભાઈ પટેલ, અર્જુનભાઈ, પિયુષભાઈ પટેલ, ડો. લોચન, અમિતાબેન, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ દીપ્તિબેન તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. રંગપુર ગ્રામ પંચાયતના સરપંચ, ગ્રામ પંચાયતના તમામ સભ્યો અને સંબંધિત વિભાગોના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# આહવા તા. પં.ના ઉપપ્રમુખે ચાર્જ સંભાળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૧૧ :** ડાંગ જિલ્લાનાં આહવા તાલુકા પંચાયતનાં નવનિયુક્ત ઉપપ્રમુખ તરીકે ભુપેશભાઈ પવારે આજે વિધિવત રીતે પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી આર.બી. ચૌધરી સહિત ભાજપના આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આહવા તાલુકા પંચાયતની કુલ ૧૬ બેઠકોમાંથી ૯ બેઠકો કોંગ્રેસના ફાળે અને ૭ બેઠકો ભાજપના ફાળે જતાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળી હતી. જોકે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી દરમિયાન કોંગ્રેસના એક સભ્યએ ભાજપને સમર્થન આપતા બંને પક્ષોના સભ્યોની સંખ્યા ૮-૮ થઈ ગઈ હતી, જેના કારણે ટાઈની સ્થિતિ સર્જાઈ હતી.ત્યારબાદ ચૂંટણી અધિકારીએ ચિઠ્ઠી ઉછાળી નિર્ણય કરતા પ્રમુખ પદ માટે કોંગ્રેસના ઉમેદવારનું નામ જાહેર થયુ હતું. જ્યારે ઉપપ્રમુખ પદ માટે ભાજપના ભુપેશભાઈ એલ.પવારનું નામ નીકળતા તેમની વરણી કરવામાં આવી હતી. આજરોજ પદભાર ગ્રહણ સમારોહ દરમિયાન ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ઉષાબેન પટેલ, ડાંગ જિલ્લા ભાજપ પ્રમુખ કિશોરભાઈ ગાવીત, ડાંગ સંગઠન પ્રભારી રાજેશભાઈ દેસાઈ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ ભુપેશભાઈ પવારને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવી હતી. પદભાર સંભાળ્યા બાદ ઉપપ્રમુખ ભુપેશભાઈ પવારે જણાવ્યું હતું કે ભાજપના સુશાસન હેઠળ આહવા તાલુકામાં વિકાસના કાર્યોને વધુ વેગ આપવામાં આવશે. આહવા તાલુકા પંચાયત હેઠળ આવતા ગામોના લોકોના પડતર પ્રશ્નો, વિકાસલક્ષી જરૂરિયાતો તેમજ અટકેલા કાર્યો અંગે સંબંધિત અધિકારીઓ સાથે પરામર્શ કરી ઝડપથી યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે.તેમણે તાલુકાના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# ડાંગ જિલ્લામાં ઠેર ઠેર હૉર્ડિંગ્સ મારફતે કેન્દ્ર સરકારના ૧૨ વર્ષના સુશાસનની જનજાગૃતિ




**આહવા, તા. ૧૧ :** દેશના વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ પૂર્ણ થયેલા ૧૨ વર્ષના સુશાસન, સેવા, ગરીબ કલ્યાણ અને સર્વાંગી વિકાસના કાર્યોને જનજન સુધી પહોંચાડવા માટે ડાંગ જિલ્લામાં વિવિધ સ્થળોએ માહિતીસભર હૉર્ડિંગ્સ અને બેનરો સ્થાપિત કરવામાં આવ્યા છે. જિલ્લાના મુખ્ય માર્ગો, જાહેર સ્થળો તથા અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારો સુધી લગાવવામાં આવેલા આ હૉર્ડિંગ્સ દ્વારા કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને ઉપલબ્ધિઓ અંગે લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે.

રાજ્ય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ હસ્તકની માહિતી કમિશનરની કચેરીના નિયંત્રણ હેઠળની ડાંગ જિલ્લા માહિતી કચેરી, આહવા દ્વારા આઉટડોર પબ્લિસિટીના ભાગરૂપે ડિસ્પ્લે કરાયેલા આ હૉર્ડિંગ્સમાં શિક્ષણ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ, ગરીબ કલ્યાણ, આરોગ્ય, આવાસ, કૃષિ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના ક્ષેત્રોમાં થયેલી નોંધપાત્ર સિદ્ધિઓને આકર્ષક રીતે રજૂ કરવામાં આવી છે. ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે થયેલી પ્રગતિને દર્શાવતા હૉર્ડિંગ્સમાં દેશના લાખો વિદ્યાર્થીઓ અને યુવાનોને મળેલા નવા અવસરો અંગે માહિતી આપવામાં આવી રહી છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલા આ જનજાગૃતિ અભિયાનનો હેતુ સામાન્ય નાગરિકોને સરકારની વિવિધ યોજનાઓ, વિકાસ કાર્યો અને જનહિતના નિર્ણયો અંગે માહિતગાર કરવાનો છે, જેથી લોકો યોજનાઓનો વધુમાં વધુ લાભ લઈ શકે. હૉર્ડિંગ્સના માધ્યમથી વિકાસના સંદેશા ગામડાંથી શહેર સુધી પહોંચે તે માટે વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.

ડાંગ જિલ્લામાં આગામી દિવસોમાં યોજાનારા 'પ્રગતિ પથ યાત્રા', 'જન કલ્યાણ શિબિર' અને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' જેવા કાર્યક્રમોની જાણકારી પણ આ પ્રચાર સામગ્રી મારફતે આપવામાં આવી રહી છે. જેના પરિણામે લોકોમાં સરકારની યોજનાઓ પ્રત્યે જાગૃતિ વધે અને વિકાસયાત્રામાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત બને તેવો આશય વ્યક્ત કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે કે આવા હૉર્ડિંગ્સ અને પ્રચાર અભિયાન દ્વારા વિકાસના સંદેશને જનજન સુધી પહોંચાડવાનો પ્રયાસ સતત ચાલુ રહેશે, જેથી વધુમાં વધુ નાગરિકો સરકારી યોજનાઓથી લાભાન્વિત થઈ શકે.

# નવસારી જિલ્લામાં રક્તપિત્ત દર્દી શોધ અભિયાનનો પ્રારંભ

**નવસારી, તા.૧૧ :** રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લામાં તા. ૦૮ જૂન, ૨૦૨૬થી તા. ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન રક્તપિત્ત દર્દી શોધ અભિયાન (L.C.D.C.) હાથ ધરવામાં આવ્યું છે. અભિયાન દરમિયાન આરોગ્ય કર્મચારીઓ ઘર-ઘર જઈ રક્તપિત્તના સંભવિત દર્દીઓની ઓળખ અને ચામડીની તપાસ અંગે જાગૃતિ ફેલાવશે.

રક્તપિત્ત એક જીવાણુઓથી થતો રોગ છે, જેનું આધુનિક એમ.ડી.ટી. (MDT) સારવાર દ્વારા સંપૂર્ણ નિદાન શક્ય છે. રોગનું વહેલું નિદાન, નિયમિત અને સમયસર પૂરતા સમય સુધી સારવાર લેવાથી રક્તપિત્ત સંપૂર્ણપણે મટી શકે છે તેમજ શરીરમાં થતી વિકૃતિઓ અટકાવી શકાય છે.

રક્તપિત્તના મુખ્ય ચિહ્નો અને લક્ષણોમાં શરીર પર આછા, ઝાંખા અથવા રતાશ પડતા બહેરાશવાળા ડાઘા જોવા મળવા, તેમજ જ્ઞાનતંતુઓ જાડા થવા અને તેમાં દુખાવો થવો જેવા લક્ષણોનો સમાવેશ થાય છે. જિલ્લા રક્તપિત્ત કચેરી દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, ઉપરોક્ત ચિહ્નો કે લક્ષણો જણાય તો ઘરે મુલાકાતે આવતા સ્ત્રી કે પુરુષ આરોગ્ય કર્મચારીઓ પાસે ચામડીની તપાસ અવશ્ય કરાવવી. રક્તપિત્તનું નિદાન અને સારવાર તમામ સરકારી દવાખાનાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં દરરોજ વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

રક્તપિત્તના દર્દીઓ પ્રત્યે સંવેદનશીલતા દાખવવાની જરૂરિયાત પર ભાર મૂકતાં જણાવાયું છે કે, દર્દીઓ પ્રત્યે બેદરકારી કે ભેદભાવ રાખવાને બદલે તેમને યોગ્ય સારવાર અને સહકાર આપવો જરૂરી છે. વધુ માહિતી માટે જિલ્લા રક્તપિત્ત કચેરી, બીજો માળ, ડી-ટાઈપ ક્વાર્ટર, સિવિલ હોસ્પિટલ કેમ્પસ, નવસારીનો કંટ્રોલ રૂમનો ફોન નંબર ૦૨૬૩૭-૨૫૮૨૮૩ સંપર્ક કરી શકાય છે.

# ડાંગ જિલ્લામાં તા.૨૨ જૂનના રોજ તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**આહવા, તા. ૧૧ :** મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યક્રમના અનુસંધાને તાલુકાના પ્રજાજનોની ફરિયાદ કે પ્રશ્નોના નિવારણ માટે આગામી તા.૨૨/૦૬/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા થી શરૂ કરીને લોકો તરફથી મળેલ ફરિયાદ કે પ્રશ્નોનું નિવારણ થાય ત્યાં સુધી તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકાઓમા યોજવામાં આવનાર છે.

નિયત કાર્યક્રમ મુજબ સુબીર તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવાસદન સુબીર કલેક્ટર ડાંગ આહવાના અધ્યક્ષ સ્થાને, આહવા તાલુકાનો કાર્યક્રમ જિલ્લા કલેક્ટર કચેરી સભાખંડમાં જિલ્લા પોલીસ અધિક્ષકના અધ્યક્ષ સ્થાને, વઘઇ તાલુકાનો કાર્યક્રમ તાલુકા સેવા સદન-વઘઇ ખાતે પ્રાંત અધિકારી, આહવા-ડાંગના અધ્યક્ષ સ્થાને યોજાશે.

જેથી તાલુકાની જનતાને પોતાની ફરિયાદ કે પ્રશ્નો તા.૧૫/૬/૨૦૨૬ સુધીમા સંબંધિત કચેરીઓને બારોબાર મોકલી, તેની એક નકલ સંબંધિત મામલતદાર, આહવા/વઘઇ/સુબીરને મોકલી આપવા જણાવાયુ છે.

ન્યાયની કોર્ટમાં ચાલતા વિવાદ, મહેસુલી કોર્ટને લગતા પ્રશ્નો, સબ જ્યુડીશીયલ પ્રશ્નો, તથા નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમમા લક્ષમા લેવામા આવશે નહી. જેની પણ અરજદારોને નોંધ લેવા અનુરોધ કરાયો છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૨-૦૬-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** જેઠ, બારસ **સૂર્યોદય :** ૦૫ : ૪૦ **સૂર્યાસ્ત** ૨૦ :૧૦, **ચંદ્રોદય** - ૦૫:૪૦ **ચંદ્રાસ્ત** - ૦૪:૫૦
**ચંદ્ર રાશિ :** તુલા, **નક્ષત્ર** - રેવતી

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે.
**વૃષભ(બ.વ.ઉ) :** આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે.
**મિથુન(ક.છ.ઘ) :** આજે તમારા સ્વાસ્થ્ય ખાતર ખોટી ચિંતા ના કરશો. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો?
**કર્ક(ડ.હ) :** આજે તમારો આવેશપૂર્ણ સ્વભાવ તમારી માટે સ્વાસ્થ્યને લગતી ગંભીર સમસ્યા ઊભી કરે શકે છે.
**સિંહ(મ.ટ.) :** આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે.
**કન્યા(પ.ઠ.ણ.) :** આજે માનસિક લાભ અને ખાસ કરીને દ્દઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો.
**તુલા (ર.ત.) :** અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજના દિવસે તમારે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચુ રહેશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો.
**મકર(જ.ખ) :** તમારે તમારી હોશિયારીની કુનેહ તથા મુત્સદ્દીપણાનો ઉપયોગ તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે.
**કુંભ(ગ.શ.સ.) :** તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.
**મીન(દ.ચ.ઝ.થ) :** તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૦૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | 7 | 9 | | 1 | 8 | | 6 |
| | 1 | | | 6 | | | 7 | |
| 6 | | | | | | | | 9 |
| | | | 7 | 5 | 4 | | | |
| | 7 | 4 | | | | 1 | 2 | |
| | | | 1 | 9 | 2 | | | |
| 8 | | | | | | | | 4 |
| | 4 | | | 2 | | | 9 | |
| 1 | | 6 | 4 | | 5 | 2 | | 3 |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૦૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 8 | 6 | 4 | 9 | 3 | 7 | 2 |
| 2 | 6 | 3 | 7 | 1 | 8 | 9 | 5 | 4 |
| 9 | 7 | 4 | 3 | 5 | 2 | 6 | 1 | 8 |
| 7 | 4 | 6 | 1 | 9 | 3 | 8 | 2 | 5 |
| 8 | 1 | 9 | 5 | 2 | 4 | 7 | 6 | 3 |
| 3 | 2 | 5 | 8 | 6 | 7 | 1 | 4 | 9 |
| 4 | 3 | 2 | 9 | 7 | 1 | 5 | 8 | 6 |
| 5 | 9 | 1 | 2 | 8 | 6 | 4 | 3 | 7 |
| 6 | 8 | 7 | 4 | 3 | 5 | 2 | 9 | 1 |



## વાપી હાઈવે બ્રિજ ઠેર ઠેર પાર્કિંગ પ્લેસનું કામ પૂરજોશમાં

### નોટીફાઈડ દ્વારા વીઆઈએના સહકારથી હાથ ધરેલા આ કામથી વાહન પાર્કિંગની સમસ્યા દૂર થશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપીમાં હાઈવે ઉપર ઓવર બ્રિજના નીચે જ્યાં પણ ચાર રસ્તા પડે છે ત્યાં ખુલ્લા ગળામાં વાહન પાર્કિંગની સુવિધા ઉભી કરવાનું કામ વાપી નોટીફાઈડ દ્વારા વીઆઈએના સહકારથી હાથ ધરવામાં આવ્યું છે. જેને લઈ આવનારા દિવસોમાં આવા જંકશન ઉપર વાહન પાર્કિંગની સમસ્યા દૂર થશે. વાપીમાં નેશનલ હાઈવે ઉપર ઓવર બ્રિજના નીચે પેપિલોન ચાર રસ્તાથી મુખ્ય ચાર રસ્તા અને છેક ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સુધી જ્યાં પણ ચાર રસ્તા પડે છે.

ત્યાં બ્રિજ નીચે ખુલ્લા ગાળામાં વાહન પાર્કિંગ માટે ફરતે દીવાલ અને વચ્ચે પેવર બ્લોક સાથે પાર્કિંગની સુવિધા ઉભી કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ સુવિધા ઉભી થવાથી વાહન પાર્કિંગના અભાવે હાઈવે સર્વિસ રોડ પર કે જ્યાં ત્યાં વાહનો પાર્ક થવાથી જે ટ્રાફિક સમસ્યા સર્જાતી હતી તેનો ઉકેલ આવી જશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## વાપીમાં ૧૩ જૂને 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' યોજાશે

### રાજ્ય સરકારના વિકાસના સંકલ્પને સાકાર કરવા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને નાગરિકો જોડાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વડાપ્રધાનના 'વિકસિત ભારત'ના સંકલ્પને જનજન સુધી પહોંચાડવા અને રાજ્યના સર્વાંગી વિકાસમાં નાગરિકોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે વાપીમાં 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ આગામી ૧૩ જૂન, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૩૦ કલાકે વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન હોલ ખાતે યોજાશે.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અને નાણા, વિજ્ઞાન, ટેકનોલોજી તેમજ હવાઈ વિકાસ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહેશે. જ્યારે મુખ્ય મહેમાન તરીકે વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી, પ્રવાસન, કૌશલ્ય વિકાસ, ગૃહ, કૂટિર અને ગ્રામોદ્યોગ વિભાગના મંત્રી નરેશભાઈ પટેલ હાજરી આપશે.

આ ઉપરાંત કાર્યક્રમમાં વલસાડના લોકસભા સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હેતલબેન પટેલ, વાપી મહાનગરપાલિકાના મેયર શ્રીમતી દક્ષાબેન પટેલ તેમજ ધારાસભ્યો જીતુભાઈ ચૌધરી, અરવિંદભાઈ પટેલ, ભરતભાઈ પટેલ અને શ્યામલાલ પાટકર સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે.

જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ અને વાપી ઔદ્યોગિક એસોસિયેશનના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ સંમેલનમાં ઉદ્યોગકારો, સામાજિક આગેવાનો અને નાગરિકોને મોટી સંખ્યામાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન વિકાસ, સામાજિક સમરસતા અને લોકભાગીદારી જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવશે.

## જોગવેલ ઘાટમાં લક્ઝરી બસ ખોટકાતા ટ્રાફિક સર્જાઇ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ, તા.૧૧ :** નેશનલ હાઈવે-૮૪૮ પર નાનાપોઢાથી નાસિક તરફ જતા જોગવેલ ઘાટ વિસ્તારમાં એક ખાનગી લક્ઝરી ટ્રાવેલ્સ બસ ચઢાણ દરમિયાન અચાનક ખોટકાઈ જતા વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. બસ ઘાટના મધ્યભાગમાં અટકી જતાં બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને મુસાફરો તેમજ અન્ય વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, બસમાં મુસાફરો સવાર હતા, પરંતુ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ હોવાના અહેવાલ મળ્યા નથી. બસ બંધ પડી જતાં પાછળથી આવતા ભારે વાહનો અને ખાનગી વાહનોની અવરજવર ધીમી પડી હતી, જેના કારણે ટ્રાફિક વ્યવસ્થામાં ખલેલ પહોંચી હતી. સ્થાનિક લોકો અને અન્ય વાહનચાલકોની મદદથી બસને રસ્તાની બાજુએ ખસેડવાના પ્રયાસો હાથ ધરાયા હતા. ત્યારબાદ ધીમે ધીમે ટ્રાફિક વ્યવસ્થા પુનઃ શરૂ કરવામાં આવી હતી. જોગવેલ ઘાટ વિસ્તાર સાંકડો અને ચઢાણવાળો હોવાથી અહીં વાહનોમાં ખામી સર્જાય ત્યારે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી રહેતી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

## ધરમપુર ભાજપ દ્વારા ફુલવાડી ૩ રસ્તા ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૧ :** ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વચ્છ અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા ધરમપુર તાલુકામાં બુધવારે ફૂલવાડી ત્રણ રસ્તા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ સહિત હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ શ્રમદાન કરી સફાઈ કામગીરી હાથ ધરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત સભ્ય પ્રતાપભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, ભારતીય જનતા પાર્ટીના અગ્રણી ગણેશભાઈ બિરારી, નવીનભાઈ ભોયા, મહેન્દ્રભાઈ ચૌધરી, સૌરભ માહલા તેમજ સરપંચો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્વચ્છતા અભિયાન દ્વારા સ્વચ્છ પર્યાવરણ જાળવવા, જાહેર સ્થળોની સફાઈ અંગે જનજાગૃતિ લાવવા અને સામાજિક જવાબદારીનો સંદેશ છેવાડાના લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## કલવાડાની નવપ્રગતિ હાઈ.માં સ્કૂલ બેગ વિતરણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડના કલવાડા ગામની નવપ્રગતિ હાઈસ્કૂલમાં ભણતા તમામ વિદ્યાર્થીઓને ઈશિતા પટેલ નામની બાળકીએ પોતાના પોકેટ મનીમાંથી બચાવેલી રકમ માંથી સ્કૂલ બેગ વિતરણ કરવામા આવી હતી. વલસાડ તાલુકાના કલવાડા ગામે આવેલી નવ પ્રગતિ હાઈસ્કૂલ કલવાડાના સ્થાનિક વતની અને અગ્રણી બ્રિજેશભાઈ પટેલ તથા તેમની સુપુત્રી ઈશીકા પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના બાળકોના ચહેરા પર સ્મિત લાવવાના આશય સાથે આ પિતા-પુત્રીની જોડીના શુભ હસ્તે તમામ વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ વિતરણ કરવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવેલી તમામ બેગનો સંપૂર્ણ આર્થિક ખર્ચ ઈશીકા પટેલે પોતાની 'પોકેટ મની' માંથી કર્યો છે. આજની યુવા પેઢી જ્યાં મોજશોખ પાછળ ખર્ચ કરતી હોય છે,

ત્યારે ઈશીકાએ પોતાની બચતનો ઉપયોગ ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્યમાં મદદરૂપ થવા માટે કરીને સમાજ સામે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઈશીકાના આ સરાહનીય અને પરોપકારી કાર્ય બદલ નવપ્રગતિ હાઈસ્કૂલના આચાર્ય તેમજ સમગ્ર શાળા પરિવારે હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો અને ઈશીકાને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ શાળા પરિવારે ચિ. ઈશીકાના ઉજ્જવળ ભવિષ્ય અને તેના ઉચ્ચ અભ્યાસ માટે હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.

## ઉમરગામમાં દિવ્યાંગ વ્યકિતઓ માટે આજથી કેમ્પ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૧ :** ઉમરગામમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે મફત જયપુર ફૂટ, પ્રોસ્થેટિક હાથ અને કેલિપર્સ કેમ્પનું આયોજન કરાયુંછે. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય દિવ્યાંગોને ચાલવા-ફરવામાં સરળતા પૂરી પાડી તેમને વધુ આત્મનિર્ભર બનાવવાનો છે. આ કેમ્પ ઈન્ડિયા હ્યુમેનિટી ફાઉન્ડેશનના સહયોગથી અને મહાવીર સેવા સદનના સહકારથી યોજાશે. તે ૧૨ થી ૧૪ જૂન, ૨૦૨૬ દરમિયાન ઉમરગામના જીઆઈડીસી કોલોની સ્થિત યુઆઈએ હોલ, મહેશ્વરી હોસ્પિટલ સામે સવારે ૧૦:૦૦ થી સાંજે ૫ઃ૦૦ વાગ્યા સુધી ચાલશે. શિબિર દરમિયાન દિવ્યાંગ વ્યક્તિઓની ચકાસણી અને નોંધણી કરવામાં આવશે.શિબિરમાં પગ ગુમાવનાર દિવ્યાંગોને વિનામૂલ્યે જયપુર ફૂટ અને પ્રોસ્થેટિક હાથ પૂરા પાડવામાં આવશે. પોલિયોગ્રસ્ત લોકોને મફત કેલિપર્સની સુવિધા ઉપલબ્ધ કરાવાશે. આયોજકોએ વિસ્તારના જરૂરિયાતમંદ દિવ્યાંગ ભાઈ-બહેનોને આ સેવાનો લાભ લેવા અપીલ કરી છે.

## વાપી આર.કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજીસના બીસીએ વિભાગને ડબલ ગોલ્ડ મેડલની સિદ્ધિ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** આર.કે. દેસાઈ અચ્છારીવાલા કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઈડ સાયન્સના બીસીએ વિભાગની વિદ્યાર્થીનીઓએ શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી કોલેજ પરિવારનું નામ ગૌરવપૂર્ણ રીતે રોશન કર્યું છે.વિદ્યાર્થીની નંદિની ગુપ્તા તથા સાક્ષી સિંગ એ એપ્રિલ ૨૦૨૬ ની પરીક્ષામાં Java Programming વિષયમાં ૧૦૦ ટકા ગુણ પ્રાપ્ત કરી યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તથા ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આ વિષયનું અધ્યાપન શ્રીમતી જ્યોત્સ્ના ભુવનેશ દ્વારા કરવામાં આવ્યું હતું. વધુમાં સાક્ષી સિંગ એ Web Designing વિષયમાં પણ યુનિવર્સિટીમાં સર્વોચ્ચ ગુણ પ્રાપ્ત કરી વધુ એક ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ વિષયમાં તેમને ડો. મિત્તલ શાહ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓની આ અદ્ભુત સિદ્ધિ તેમના પરિશ્રમ, પ્રતિભા અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે.આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો. મિત્તલ શાહ, બીસીએ વિભાગના HOD નેહા પટેલ તથા કોલેજના સર્વ અધ્યાપકમંડળે વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાપીની રાજરાજેશ્વરી વિદ્યામંદિર શાળાનો સ્થાપના દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)


**વાપી, તા. ૧૧ :** વાપી સ્થિત શ્રી રાજરાજેશ્વરીવિદ્યામંદિર શાળામાં ૧૬મા સ્થાપના દિવસની ભવ્યતા અને આધ્યાત્મિક ઉર્જા સાથે ઉજવણી કરવામાં આવી હતી. શાળાની સ્થાપના તા. ૧૦ જૂન, ૨૦૧૦ ના રોજ શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસના પવિત્ર ધ્યેય સાથે કરવામાં આવી હતી. આ શુભ અવસરનેસ્મરણીય બનાવવા માટે શાળા પરિસરમાં વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર સાથે હવન-યજ્ઞ દ્વારા કરવામાં આવી હતી. હવન દરમિયાન સમગ્ર શાળા પરિવારના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સતત પ્રગતિ માટેસમાજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની પ્રાર્થનાઓ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ શાંતિ પાઠ, ઓમકાર જાપ અને વિશેષ પૂજન વિધિનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના પરિણામે સમગ્ર પરિસરમાં આધ્યાત્મિકતા અને પવિત્રતાનું અનોખું વાતાવરણ સર્જાયું હતું.

આ પ્રસંગે શાળાના ચેરમેનસર હિંમતસિંહ જાડેજા, પ્રિન્સિપાલ ડૉ. રાજેશ્વરી પરમાર, કાઉન્સેલર શ્રીમતી ભારતીબા જાડેજા તેમજ શિક્ષકગણ, બિન-શૈક્ષણિક સ્ટાફ અને શાળા પરિવારના તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભવોએ શાળાની સ્થાપનાથી લઈને આજ સુધીની ગૌરવમયયાત્રાને યાદ કરી હતી અને ભવિષ્યમાં પણ શિક્ષણક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરવાની શુભેચ્છાઓપાઠવી હતી.

અંતમાં સર્વે ઉપસ્થિતોએ શાળાના ઉજ્જવળ ભવિષ્ય, સતત વિકાસ અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપતા આદર્શ નાગરિકોનાઘડતરના સંકલ્પ સાથે કાર્યક્રમને પૂર્ણતા આપી હતી.

## ધરમપુરમાં 'રજવાડી કપ સિઝન-૩' ટુર્ના. સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૧ :** ધરમપુર ખાતે આયોજિત રજવાડી કપ સિઝન-૩નું સફળતાપૂર્વક અને ભવ્ય માહોલ વચ્ચે સમાપન થયું હતું. ક્રિકેટપ્રેમીઓ માટે આ ટુર્નામેન્ટ એક મહાકુંભ સમાન બની રહી હતી, જેમાં કુલ ૬ ટીમોએ ભાગ લઈને રોમાંચક અને યાદગાર મુકાબલાઓ દ્વારા દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યું હતું.

ફાઈનલ મુકાબલો ખૂબ જ ઉત્સાહજનક રહ્યો હતો, જેમાં ઓમ સાઈ ૧૧એ શાનદાર રમતનું પ્રદર્શન કરીને ચેમ્પિયન બનવાનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. વિજેતા ટીમના માલિક મનીષભાઈ પઢિયાર તથા ટીમને ટ્રોફી સ્પોન્સર પવન યાદવના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. જ્યારે નગરપાલિકા સભ્ય એવા ફહાદ બાહનાનની ટીમ બાહનાન ટાઈગર્સની ટીમ રનર્સ-અપ રહી હતી. આ ટુર્નામેન્ટના સફળ આયોજન બદલ આયોજકો પ્રણવભાઈ કોટક, કીર્તિ આહીર, રાહુલ પટેલ અને મનોજ પટેલે તમામ ખેલાડીઓ, દર્શકો અને સહયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવવા પાછળ ધર્મેદ્રસિંહ રાઠોડ, સોહમ દેસાઈ તથા તેમની રજવાડી ટીમની વિશેષ મહેનત રહી હતી, જેના કારણે કાર્યક્રમ સુચારૂ અને ભવ્ય રીતે પૂર્ણ થઈ શક્યો હતો.

ટુર્નામેન્ટના સમાપન પ્રસંગે વલસાડ-ડાંગના લોકપ્રિય સાંસદ તથા લોકસભાના દંડક ધવલભાઈ પટેલ, ભાજપ યુવા મોરચા વલસાડ જિલ્લા પ્રમુખ પ્રભાકર યાદવ, ધરમપુર શહેર ભાજપ પ્રમુખ અમિતભાઈ ચોરેરા, નગરપાલિકા પ્રમુખ મયંકકુમાર મોદી, શહેર મહામંત્રી અક્ષય ચૌધરી, પાલિકા સભ્ય સમીપ રાંચ, નરેશ પટેલ તેમજ દેવર્ષિ ભરુચા વિશેષ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ ક્રિકેટપ્રેમીઓ માટે યાદગાર બની રહ્યો હતો તથા યુવાનોમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ વધારવામાં સફળ સાબિત થયો હતો.

<u>વડાપ્રધાનના સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસર</u>

## વલસાડમાં શિવમંદિર અને જૈન દેરાસરમાં મહાઆરતી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સશક્ત નેતૃત્વ હેઠળ 'સેવા, સુશાસન અને જનકલ્યાણ'ને સમર્પિત સફળ ૧૨ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે વલસાડ ખાતે વિવિધ ધાર્મિક સ્થાનો પર ભવ્ય મહાઆરતી અને વિશેષ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું,વલસાડ સ્થિત ઐતિહાસિક શ્રી ભીડભંજન મહાદેવ મંદિર ખાતે લોકસભાના દંડક, વલસાડ-ડાંગના સાંસદ અને પ્રદેશના સહ-પ્રવક્તા ધવલભાઈ પટેલ તેમજ વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલની આગેવાની હેઠળ મહાઆરતીનું ભવ્ય આયોજન થયું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓ અને ભક્તોએ વડાપ્રધાનના દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને રાષ્ટ્રસેવાના તેમના સંકલ્પને વધુ શક્તિ મળે તે માટે ભગવાન ભોળાનાથને ભક્તિભાવપૂર્વક પ્રાર્થના કરી હતી.

ભાજપ પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન)ની પ્રેરક આગેવાની હેઠળ વલસાડના શ્રી ગૌતમ સ્વામી ગુરુ મંદિર તેમજ મોટા બજાર સ્થિત શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસરમાં પણ ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં જૈન સમાજના શ્રેષ્ઠીઓ અને ભક્તોએ મોટી સંખ્યામાં જોડાઈને દેશની સમૃદ્ધિ માટે મંગલ કામના કરી હતી.


## વાપીમાં સ્વચ્છતા અભિયાન વચ્ચે વોર્ડ નં. ૧૩ની હાલત દયનીય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

ચૂંટાયેલા જન-તિનિધિઓ અને તંત્ર દ્વારા સફાઈ અંગે જાગૃતિ લાવવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, પરંતુ બીજી તરફ શહેરના કેટલાક વિસ્તારોની વાસ્તવિક સ્થિતિ આ દાવાઓ પર પ્રશ્નાર્થ ઊભો કરી રહી છે.

વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૩માં આવેલા ડુંગરી ફળિયા વિસ્તારથી મિલકતનગર થઈ જીઆઈડીસીને જોડતા માર્ગની હાલત અત્યંત ખરાબ બની ગઈ છે. માર્ગ પર ચાલતા વિકાસકાર્યો લાંબા સમયથી અધૂરા પડ્યા હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. રસ્તાના અનેક ભાગોમાં ખાડા અને અસમતલ



સપાટી હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ ઉપરાંત ભૂગર્ભ ગટરના ઢાંકણો પણ યોગ્ય રીતે બેસાડવામાં આવ્યા નથી. કેટલાક સ્થળોએ ઢાંકણ રસ્તાની સપાટીથી ઊંચા કે નીચા હોવાથી અકસ્માત સર્જાવાની શક્યતા સતત વધી રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે વાહનચાલકો માટે આ સ્થિતિ વધુ જોખમી બની રહી છે.

વિસ્તારમાં ઠેરઠેર કચરા અને ગંદકીના ઢગલાં જોવા મળી રહ્યા છે. નિયમિત સફાઈ ન થતી હોવાના આક્ષેપો સાથે સ્થાનિક રહિશો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. ચોમાસાની ઋતુ નજીક આવી રહી હોવાથી ગંદકીના કારણે મચ્છરજન્ય અને ચેપી રોગો ફેલાવાનો ભય પણ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

સ્થાનિકોના મતે મહાનગરપાલિકા દ્વારા સફાઈ માટે કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હોવા છતાં વોર્ડ નંબર ૧૩માં તેની અસર દેખાતી નથી. તેથી સફાઈ કામગીરી અને વિકાસકાર્યોની ગુણવત્તા અંગે અનેક સવાલો ઊભા થયા છે. રહિશોએ તાત્કાલિક રસ્તાનું કામ પૂર્ણ કરવા, ગટરના ઢાંકણોને સુરક્ષિત રીતે ગોઠવવા અને નિયમિત સફાઈ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માંગણી કરી છે.

## જીલ્લામાં ત્રિદિવસીય ચિત્ર સ્પર્ધા અને પ્રદર્શન યોજાશે

**વલસાડ, તા. ૧૧ :** રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, વલસાડના સંયુક્ત ઉપક્રમે ચાલુ વર્ષે વલસાડ જિલ્લામાં 'વિકસિત ભારત સંકલ્પ' અંતર્ગત ચિત્ર સ્પર્ધા અને ચિત્ર પ્રદર્શનનું આયોજન કરવામાં આવશે . આ ચિત્ર સ્પર્ધા આગામી તારીખ ૧૦-૦૬-૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે પારડી ખાતે આવેલી એન.કે.દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં યોજાશે. આ સ્પર્ધા માટે સ્પર્ધકોને વિવિધ વિષયો આપવામાં આવ્યા છે, જેમાં 'વિકસિત ભારત ૨૦૪૭ - મારા સપનાઓનું ભારત', 'ભારતના વિકાસની ૧૨ વર્ષની યાત્રા','સ્વપ્ન થી સમૃદ્ધિ સુધી' 'ડિજિટલ ભારત - નવા યુગનું ભારત', 'સ્વચ્છ અને હરિત ભારત' તથા 'આત્મનિર્ભર ભારત - સશક્ત ભારત' જેવા વિષયોનો સમાવેશ થાય છે. સ્પર્ધામાં સૌથી સારા ચિત્ર દોરનાર ચિત્રકારોના ચિત્રોને ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા યોજાનાર વિશેષ ચિત્ર પ્રદર્શનમાં મુકવામાં આવશે. આ ઉપરાંત, ચિત્ર પ્રદર્શનનું આયોજન તારીખ ૧૨-૦૬-૨૦૨૬ થી ૧૪-૦૬-૨૦૨૬ દરમિયાન ધરમપુર ખાતે આવેલા જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં કરવામાં આવ્યું છે. આ ત્રિ-દિવસીય ચિત્ર પ્રદર્શન નિહાળવા અને સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા માટે સર્વે જાહેર જનતાને જિલ્લા યુવા વિકાસ અધિકારી, વલસાડ દ્વારા અખબારી યાદી મારફતે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## વલસાડ જિલ્લાના ખેડૂતો માટે બાગાયતી પાકોના પ્લાન્ટિંગ મટીરીયલ્સની ખરીદી પર ૭૫% સુધીની સહાય યોજના

**વલસાડ, તા. ૧૧ :** બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે રાજ્ય સરકાર દ્વારા 'બાગાયત ખાતાની નર્સરી અને સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે ઉત્પાદિત પ્લાન્ટિંગ મટીરિયલ્સ પર એટસોર્સ સહાય આપવાનો કાર્યક્રમ' અમલમાં મૂકવામાં આવ્યો છે. નાયબ બાગાયત નિયામક, વલસાડ કચેરી હસ્તકના સેન્ટર ઓફ એક્સેલન્સ અને ફળ નર્સરી ખાતેથી બાગાયતી પાકોની કલમ, બાટા, રોપા, ધરૂ અથવા અન્ય પ્લાન્ટિંગ મટીરિયલ્સની ખરીદી કરવા પર ખેડૂતોને સહાય મળવાપાત્ર રહેશે. આ યોજના અંતર્ગત સામાન્ય વર્ગના ખેડૂતો માટે કુલ ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ રૂ. ૫,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે, જ્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે કુલ ખર્ચના ૭૫ ટકા અથવા વધુમાં વધુ રૂ. ૭,૫૦૦ સુધીની સહાય મળવાપાત્ર રહેશે. આ સહાયનો લાભ લેવા ઈચ્છતા ખેડૂતોએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સામે, ચણવઈ-રાબડા રોડ, ચણવઈ, તા. વલસાડ ખાતે આવેલ સેન્ટર ઓફ એક્સેલન્સ (મો. ૯૨૭૪૬૮૦૫૬૮) અને ફળ નર્સરી (મો. ૯૦૩૩૮૪૮૦૧૦) અથવા સ્ટેશન રોડ, તા. પારડી ખાતે આવેલ ફળ નર્સરી (મો. ૮૧૪૧૪૦૨૭૭૯) પરથી અરજીપત્રક મેળવવાનું રહેશે. અરજીપત્રક ભરીને તેની સાથે ગામ નમૂના નં. ૮-અ, ૭ અને ૧૨ ની અસલ નકલ, આધારકાર્ડની નકલ, અનુસૂચિત જાતિ/જનજાતિના પ્રમાણપત્રની નકલ (જો લાગુ પડતું હોય તો) તથાદિવ્યાંગતાનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો) જેવા જરૂરી આધારો રજૂ કરવાના રહેશે.

# વિશેષ વાંચન

ગુરુ અને શુક્ર ગ્રહની અદ્ભુત યુતિ નિહાળવા વિશેષ

## ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્રમાં 'આકાશ દર્શન' કાર્યક્રમ યોજાયો







**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર (રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ - સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તારીખ ૯ જૂન, ૨૦૨૬ના રોજ સાંજે ૭:૦૦ વાગ્યાથી એક વિશેષ 'આકાશ દર્શન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સૌરમંડળના બે સૌથી તેજસ્વી ગ્રહો - શુક્ર અને ગુરુ - સાંજના આકાશમાં એકબીજાની અત્યંત નજીક દેખાયા હતા. ખગોળશાસ્ત્રમાં આ અદ્ભુત ઘટનાને 'ગ્રહોની યુતિ' (Planetary Conjunction) કહેવામાં આવે છે.પૃથ્વી પરથી જોતાં આ બંને ગ્રહો કર્ક રાશિમાં સ્થિત હોવાથી તેમની વચ્ચેનું દેખીતું કોણીય અંતર માત્ર આશરે 1^\circ36' જેટલું જ હતું, જેના કારણે તેઓ આકાશમાં નરી આંખે પણ સરળતાથી એક ચમકતી જોડી તરીકે દેખાતા હતા.આ યુતિ દરમિયાન શુક્ર ગ્રહ આશરે -૪.૦ મેગ્નિટ્યુડની પ્રચંડ તેજસ્વિતા સાથે ઝળહળી રહ્યો હતો, જ્યારે ગુરુ ગ્રહની તેજસ્વિતા આશરે -૧.૮ મેગ્નિટ્યુડ જેટલી હતી. સૂર્યાસ્ત બાદ આશરે સાંજે ૭:૦૦ વાગ્યાથી ઉત્તર-પશ્ચિમ દિશાના આકાશમાં ગુરુ અને શુક્રની આ મનોહર યુતિનું અવલોકન શરૂ કરવામાં આવ્યું હતું.આ દુર્લભ ખગોળીય ઘટનાને પ્રત્યક્ષ નિહાળવા માટે જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે 'સેલેસ્ટ્રોન સીપીસી ૮૦૦' ટેલિસ્કોપ દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ટેલિસ્કોપની મદદથી બંને ગ્રહો એક જ દ્રશ્યક્ષેત્રમાં (Field of View) નિહાળી શકાયા હતા, જે ખગોળવિજ્ઞાનમાં રસ ધરાવતા લોકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મુલાકાતીઓએ ટેલિસ્કોપિક નિરીક્ષણની સાથે-સાથે બંને ગ્રહો વિશેની રોચક વૈજ્ઞાનિક માહિતી અને જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા વિશેષ માર્ગદર્શન મેળવ્યું હતું.તેમણે જણાવ્યું હતું કે, 'વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જોઈએ તો, ગુરુ અને શુક્ર વાસ્તવમાં અવકાશમાં એકબીજાની નજીક નથી, પરંતુ પૃથ્વી પરથી જોતાં તેઓ એક જ દ્રષ્ટિરેખામાં આવતા હોવાથી નજીક હોવાનો ભાસ થાય છે. આવી ગ્રહયુતિઓ સામાન્ય નાગરિકોમાં ખગોળશાસ્ત્ર પ્રત્યે રસ અને વૈજ્ઞાનિક જાગૃતિ વધારવાની ઉત્તમ તક પૂરી પાડે છે.' આ અદ્ભુત ઘટનાના સાક્ષી બનવા માટે લોકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## વાપી અને નારગોલમાં પર્યાવરણ જાગૃતિના બે સફળ કાર્યક્રમો યોજાયા






**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વલસાડ જિલ્લાના વાપી અને નરગોલ ખાતે ગઈકાલે પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના હેતુથી બે અલગ-અલગ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ કાર્યક્રમ વાપીની સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ ખાતે યોજાયો હતો, જેમાં વૃક્ષારોપણ અને પ્રકૃતિ જાગૃતિ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના પ્રિન્સિપાલ સલમા પઠાન ઉપસ્થિત




રહ્યા હતા. આ પ્રસંગે શાળાને પર્યાવરણમૈત્રી ગાર્ડન વિકસાવવા માટે 'ગ્રીન બુક' પણ અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ બીજો કાર્યક્રમ નારગોલ બીચ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં વન વિભાગ, ગ્રામ પંચાયત, સ્થાનિક સમુદાયના પ્રતિનિધિઓ તેમજ ધારાસભ્ય રમણ પાટકરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ સાથે બીચ ક્લીન-અપ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ બંને કાર્યક્રમો દ્વારા પર્યાવરણ જાળવણી, હરિયાળી વધારવા અને સ્વચ્છતા અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો હતો. આયોજકો દ્વારા ભવિષ્યમાં પણ આવા જનજાગૃતિ કાર્યક્રમો સતત યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

## વઘઈમાં વિદ્યાર્થીઓએ ગુરુ અને શુક્રની યુતી નિહાળી




**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

પ્રયોશા જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ગુરુકુળ ભદરપાડા હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે આકાશમાં થનારી ખગોળીય ઘટના જે ગુરુ અને શુક્રની યુતી સાંજે સૂર્યાસ્ત પછી પશ્ચિમ દિશામાં થઈ હતી. તે જોવા માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગર પ્રેરિત પ્રયોગશાળા જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આ યુતિ નો નિરીક્ષણ કાર્યક્રમ ગુરુકુળ ભદરપાડા હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં ગુરુકુળ ભદરપાડાના રીટાયર્ડ આચાર્ય મા. કિશોરભાઈ પટેલ જાતે હાજર રહી બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું. આકાશમાં આવી ખગોળીય ઘટના વારંવાર સર્જાતી હોય છે, જે જોવા માટે પ્રયોશા જીલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના કોર્ડીનેટર રતિલાલ સૂર્યવંશી દ્વારા નિરીક્ષણ કાર્યક્રમનું આયોજન ડાંગ જિલ્લામાં કરવામાં આવે છે. જેમાં ડાંગ જિલ્લાની ઘણી બધી શાળાઓના વિદ્યાર્થીઓને લાભ મળે છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં ત્રણસો ઉપરાંત વિદ્યાર્થી ભાઈ બહેનો હવે બહેનોએ નિરીક્ષણનો લાભ લીધો. કાર્યક્રમમાં કોર્ડીનેટર દ્વારા ગુરુ અને શુક્રની યુતી બતાવી સાથે સાથે ગુરુના ચંદ્ર પણ એક સક્ષમ ટેલિસ્કોપ દ્વારા વિદ્યાર્થીઓને બતાવ્યા, ત્યાર પછી ધ્રુવ તારાની ઓળખ કરી ધ્રુવ તારા જોવાની રીત બતાવી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ રીતે ધ્રુવ તારો એટલે શું? એને કેમ ધ્રુવ તારો કહેવામાં આવે છે? તેની સ્પષ્ટતા કરી સાથે સાથે સપ્તર્ષિ તારા સમૂહ બતાવી, હિન્દુ ધર્મમાં સૌથી પૂજ્ય અને મહત્વનું ધાર્મિક ચિહ્ન સ્વસ્તિકની નિર્મિતી વિશે બાળકોને વિશેષ માહિતી આપી. ઉપરોક્ત કાર્યક્રમનું આયોજન અને સંચાલન વિજ્ઞાન કેન્દ્રના કોર્ડીનેટર રતિલાલ સૂર્યવંશી દ્વારા કરવામાં આવ્યું હતું.

# આકાશ દર્શન : અદભૂત અનુભવનું આમંત્રણ

**સાયન્સ કોર્નર - વિકાસ ઉપાધ્યાય**



રાત્રે આકાશમાં ચમકતા તારાઓને જોવામાં શું મળે? એવો ઉપહાસ આકાશ દર્શનના શોખીનોને કે જિજ્ઞાસુઓને ઘણીવાર સાંભળવો પડતો હોય છે. પરંતુ હમણાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં દેશના યુવાનોને 'રાત્રે તારાઓ નિહાળવા એ અદભુત અનુભવ છે' એમ કહીને આગ્રહ પૂર્વક એવો અનુરોધ કર્યો કે, તેઓ વેકેશનમાં નજીકના કોઈ પ્લેનેટરીયમમાં જાય તથા કોઈ નજીકની એસ્ટ્રોનોમી ક્લબમાં પણ જોડાય, એ માટે સમય કાઢે અને એમાં સતત કંઈ નવું શીખતા રહે.

દેશમાં વૈજ્ઞાનિક અભિગમ અને વલણના પ્રસારમાં જેમના શબ્દો લોકો માટે પ્રેરણા બની શકતા હોય એવા વિવિધ ક્ષેત્રના મહાનુભવોનો મત અને એમની ભલામણ ઉપયોગી નિવડી શકે. ખગોળ અને આકાશ દર્શનની વાત કરીએ તો જ્યારે મહાત્મા ગાંધીજીને આકાશ દર્શનનો શોખ જાગ્યો અને એની અનુભૂતિ તથા અધ્યાત્મિક સ્પર્શને પામ્યા ત્યારે તેમણે પણ તેમના અંતેવાસીઓને આકાશ દર્શન કરવા માટે પ્રેર્યા હતાં અને એની ઘેરી અસર પણ થઈ હતી. સાબરમતી આશ્રમમાં પણ ખગોળ મંડળ રચાયું હતું. તેઓ તો આશ્રમમાં એક સારું ટેલિસ્કોપ પણ સ્થાપવા માંગતા હતાં. જોકે ગાંધી ગયા તેની સાથે વૈજ્ઞાનિક અભિગમના પ્રસારનો એમનો ખગોળને લોકપ્રિય કરવાનો વિચાર પણ ગયો. આજે ગાંધીજીના આ પાસાને યાદ કરવાવાળું પણ ગુજરાતમાં કોઈ નથી. એ કમનસીબી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં ખગોળ અને આકાશ દર્શનને યુવાનોમાં પહોંચાડવા માટે કરેલી આ અપીલ એક રીતે ગાંધીજીના વિચારને જ આગળ વધારી રહી છે. તેમણે દેશના યુવાનોને કરેલી અપીલની ભૂમિકા બાંધતા ભારતમાં સદીઓથી ખગોળ પ્રત્યે રસ અને આકર્ષણ જ નહીં, અભ્યાસ પણ રહ્યો હોવાનું જણાવી વેધશાળાઓને પણ યાદ કરી લોકજીવનમાં પંચાંગથી લઈને તહેવારો સુધી ખગોળનો સંબંધ યાદ કર્યો. આકાશના તારાઓએ દરેક પેઢીમાં જિજ્ઞાસા પ્રેરી હોવાનું પણ કહ્યું અને આજે દેશમાં લોકપ્રિય ખગોળ વિજ્ઞાન એટલે કે એમેચ્યોર એસ્ટ્રોનોમીના ક્ષેત્રમાં વધી રહેલા રસ અને એની કેટલીક પ્રવૃત્તિઓનો પણ ઉલ્લેખ કર્યો. એમાં રાજકોટની બિગબેંગ એસ્ટ્રોનોમી ક્લબનો પણ ઉલ્લેખ કર્યો એ આપણા માટે આનંદ અને ગૌરવનો વિષય છે. પરંતુ ઘર આંગણેથી તારા દર્શન કરવા માંગતા કે એસ્ટ્રોનોમીમાં શોખ વિકસાવવા માંગતા જિજ્ઞાસુઓ માટે જ નહીં પણ મોટી મોટી વેધશાળાઓમાં અધ્યતન ટેલિસ્કોપ અને સાધનોથી ખગોળનો અભ્યાસ કરતાં ખગોળશાસ્ત્રીઓ માટે પણ વધતાં જતાં પ્રકાશ પ્રદુષણની વિકરાળ સમસ્યા નવા સવા ખગોળ શોખીનોની જિજ્ઞાસા અને શોખ પર ગ્રહણ લગાડવા માટે પૂરતી થઈ રહે એમ છે. જર્મન સેન્ટર ફોર જીઓ સાયન્સમાં ભૌતિકશાસ્ત્રી ક્રિસ્ટોફર કાયલાના અભ્યાસ મુજબ આપણું આકાશ દર વર્ષે ૧૦ટકા ના ધોરણે ધોવાતું જાય છે. તેથી ક્યારેક કાળા આકાશને ચીરીને વહેતી આકાશગંગાનો દૂધીયો પટ્ટો પણ સહેલાઈથી જોઈ શકાતો એની જગ્યાએ આજે સ્થિતિ એવી છે કે આપણે નાના નગરમાંથી પણ માંડ બે -ત્રણ ગ્રહો અને ગણ્યાગાંઠિયા તારાઓ જ નથી આંખે જોઈ શકીએ છીએ. એમ માનવામાં આવે છે કે આજે વિશ્વમાં ૮૦ ટકા લોકો આકાશગંગા જોઈ શકતાં નથી. એટલે કે માંડ ૨૦ ટકા લોકો જ આકાશગંગા જોઈ શકાય એવું રાત્રિઆકાશ જોવા માટે નસીબદાર છે. અને એની ટકાવારી પણ ઘટતી જ જઈ રહી છે આ વાતની ગંભીરતા એ રીતે સમજાશે કે લોસ એન્જેલિસમાં ૧૯૯૪ માં ધરતીકંપ આવ્યો અને વીજ પુરવઠો સદંતર ખોવાઈ ગયો ત્યારે ફેલાયેલા અંધાર પટને કારણે અનેક લોકોએ જિંદગીમાં પ્રથમવાર આકાશગંગા જોઈ હતી! આપણે પણ યાદ કરી લેવું જોઈએ કે , જો જોઈ હોય તો આકાશગંગા છેલ્લે ક્યારે જોઈ હતી?


અભ્યાસ પ્રમાણે વિશ્વમાં પ્રકાશ પ્રદુષણનું સ્તર આમ જ વધતું રહ્યું તો આગામી બે ત્રણ દાયકામાં આપણને રાત્રે કાજળ ઘેરું આકાશ જોવા જ નહીં મળે. આ પ્રશ્ને વિશ્વનું ધ્યાન દોરવા કે આકાશને પ્રકાશ પ્રદુષણના અજગર ભરડામાંથી ઉગારવા માટે ૧૯૮૮ માં ડાર્ક સ્કાય ઈન્ટરનેશનલ નામની સંસ્થાની સ્થાપના થઈ અને એણે ૨૦૦૭માં અમેરિકામાં નેચરલ બ્રીઝર્સ નેશનલ મોન્યુમેન્ટને વિશ્વમાં પ્રથમ ડાર્ક સ્કાય પાર્ક જાહેર કર્યો. એ રીતે ત્યાર પછી કેનેડામાં મોન્ટ મેગ્નેટિકને પ્રથમ ડાર્ક સ્કાય રિઝર્વ જાહેર કર્યો. આ ડાર્ક સ્કાય પાર્ક અને ડાર્ક સ્કાય રિઝર્વનો સીધોસાદો મતલબ એટલો જ કે, એક એવો નિર્ધારિત વિસ્તાર જ્યાં એની ઉપરનું આકાશ યથાવત જાળવી રાખવા માટે એ વિસ્તારની પ્રકાશ વ્યવસ્થા કે આયોજનને નિયંત્રિત કરવામાં આવ્યા હોય. ભારતમાં લડાખના હાનલે માં ૨૦૨૩ માં દેશનો પ્રથમ ડાર્ક સ્કાય રિઝર્વ અને મહારાષ્ટ્રના પેન્ચ ટાઈગર રિઝર્વ ને ૨૦૨૪ માં દેશનો પ્રથમ ડાર્ક સ્કાય પાર્ક જાહેર કરવામાં આવ્યા. આ સંસ્થાએ વિશ્વભરમાં એવા લગભગ સાડા પાંચસો સ્થળોને એ રીતે જાહેર કર્યા છે. આપણે ભારતની વાત કરીએ તો પ્રકાશ પ્રદુષણ અંગે હજુ આપણે જાગ્યા નથી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના એન્વાયરમેન્ટ પ્રોટેકશન એક્ટ ૧૯૮૬ હેઠળ પણ આર્ટિફિશિયલ લાઈટ નાઈટ ના મુદ્દાને ધ્યાનમાં લેવામાં આવ્યો નથી. એટલે કે ભારતમાં જાહેર સ્થળોએ પ્રકાશનું આયોજન અને પ્રકાશનો વપરાશ ક્યાં, કેવી રીતે, કેટલો હોવો જોઈએ એ માટેના કોઈ ધારાધોરણ જ નથી! ગુજરાતની વાત કરીએ તો છેલ્લા પાંચેક વર્ષમાં રાજ્યના શહેરી વિસ્તારો જ નહીં પણ ગ્રામીણ વિસ્તારોમાં પણ આયોજન વગરના જાહેર પ્રકાશ નિયોજનને કારણે રાત્રે આકાશ ધોવાઈ રહ્યું છે. ઉપગ્રહોથી મળતી છબીઓ એ દર્શાવે છે. વિશ્વમાં કયા સ્થળ પરનું આકાશ કેટલું ઘેરુ છે. એ દર્શાવતો એક સ્કેલ પણ છે. જે બોર્ટલ સ્કેલ તરીકે જાણીતો છે. પ્રકાશ પ્રદુષણની આ સમસ્યાનો ગંભીર અભ્યાસ એક શોખીન ખગોળશાસ્ત્રી જહોન ઈ. બોર્ટલે હાથમાં લીધો હતો અને વિવિધ સ્થળોએ રાત્રી આકાશ કેટલું ઘેરું છે તેનું માપન કરી શકાય એવો એક સ્કેલ તૈયાર કર્યો હતો. જે હવે એના નામે બોર્ટલ સ્કેલ તરીકે ઓળખાય છે.તેમણે પૃથ્વી પરથી વિવિધ સ્થળોએ જોવા મળતાં આકાશને એક થી નવ ક્રમમાં આકાશની કાળાશના સંદર્ભમાં વિભાજિત કર્યા હતાં. આ સ્કેલમાં બોર્ટલ -૧ સ્કેલ ધરાવતું આકાશ સૌથી શ્રેષ્ઠ ગણાય. આવું આકાશ ભારતમાં લડાખના હાનલેમાં છે. આવા આકાશમાં રાત્રે ઝાંખા અને નાના તારામંડળો, રાશિચક્રના તારામંડળો અને નક્ષત્ર, તારક ગુચ્છો, નિહારિકાઓ વગેરે તો જોઈ જ શકાય પણ આકાશગંગા અને ઝોડિયેક ગ્લો નિહાળવાની પણ તક મળે.જેમ જેમ આ ક્રમ આગળ વધતો જાય તેમ તેમ એ ક્રમના આકાશમાં દેખાતા તારાઓની સંખ્યામાં ઘટાડો થતો જાય. બોર્ટલ સ્કેલ પર પાંચ ક્રમાંકના આકાશ સુધી કંઈક ઠીક જોઈ શકાય પણ આઠ કે નવમા ક્રમના સ્કેલમાં આવતાં શહેરી વિસ્તારોમાં તો માત્ર ગણ્યાગાંઠયા તેજસ્વી તારાઓ, શુક્ર, ગુરુ, મંગળ, જેવા ગ્રહો કે ચંદ્ર સિવાય રાત્રે આકાશમાં જોવા જેવું કશું બચતું નથી. તેથી દેશમાં જ નહીં ગુજરાતમાં પણ આવા અંધકારભર્યા સ્થાનોને સત્વરે સંરક્ષિત કરવાની જરૂર ખરી. આપણા ગુજરાતમાં સરેરાશ ખગોળપ્રેમીઓનો તારાઓ નિહાળવાનો એટલે કે રાત્રે આકાશ તરફ જોઈએ તો કમ સે કમ એમનો શોખ જળવાઈ રહે એટલા પ્રમાણમાં અને એટલી તેજસ્વીતાના તારાઓ, નક્ષત્રો, રાશિઓ જોઈ શકાય એવા વિસ્તારો હજુ સાવ વિલુપ્ત થવાના આરે પહોંચ્યા નથી.

વડાપ્રધાન મોદીએ જેનો ઉલ્લેખ કર્યો એ બિગબેંગ એસ્ટ્રોનોમી ક્લબ દર વર્ષે ત્રણ પોર્ટલ સ્કેલ વાળા ગીરમાં ખાસ આકાશગંગા જોઈ શકાય એ માટે મિલ્કીવે સ્પેશિયલ નામે સ્ટાર પાર્ટી યોજે છે. ત્યાંનો સ્કેલ પણ હવે ગગડી રહ્યો છે એટલે ક્લબને ગીરનું આકાશ બચાવવાની ચિંતા પેઠી છે. આકાશ દર્શન માટે ગુજરાતમાં અન્ય જાણીતું સ્થળ એ કચ્છનું નાનું રણ છે. પરંતુ કચ્છ કે કાઠીયાવાડ સિવાય રાજ્યની પૂર્વ પટ્ટીના જિલ્લાઓ કે છેવાડેના ડાંગ જેવા વિસ્તારમાં આકાશ દર્શન માટે અનુકૂળ સ્થળો ઓળખી એને જાળવી લેવાની જરૂર છે જો એમ થાય તો દેશમાં જે પર્યટન ક્ષેત્રમાં નવું એસ્ટ્રો ટુરીઝમ નું ક્ષેત્ર વિકસી રહ્યું છે એમાં પણ ગુજરાત પોતાનું સ્થાન બનાવી કરી શકે. તાજેતરમાં આ દિશામાં મહારાષ્ટ્રએ નોંધનીય પહેલ કરી છે. હજુ એપ્રિલ માસમાં જ મહારાષ્ટ્રએ એની ડાર્ક સ્કાય પોલીસી મુજબ રાજ્યમાં એસ્ટ્રો ટુરીઝમને પ્રોત્સાહન આપવા માટે ૧૧ જેટલા ડાર્ક સ્કાય ઝોનની ઓળખ કરી છે. સહ્યાદ્રીની પર્વતમાળા અને વનવિસ્તારના પટ્ટાઓ કે રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં જ્યાં કૃત્રિમ પ્રકાશની ઓછી પળોજણ હોય એવાં સ્થળોએ મહારાષ્ટ્ર સરકાર વેધશાળાઓ, ટેલિસ્કોપથી સજ્જ ખગોળ નિરીક્ષણ સ્થળો, ખગોળ અંગેના માહિતી કેન્દ્ર અને ઈકો ફ્રેન્ડલી આવાસ સુવિધા ઉભી કરવા માંગે છે. જ્યાં પ્રવાસીઓ માટે તો આકર્ષણનું એક કારણ મળી રહે પરંતુ ઉંડા આકાશની રસપ્રદ તસવીરો ખેંચતા એસ્ટ્રો ફોટોગ્રાફર્સ, શોખીન ખગોળ પ્રેમીઓ અને વિદ્યાર્થીઓથી લઈને ખગોળ વિજ્ઞાનીઓ પણ આવા સ્થળોનો લાભ લઈ શકે. મહારાષ્ટ્ર એ જે સ્થળો પસંદ કર્યા છે એમાં વિખ્યાત ઉલ્કાકુંડ જ્યાં આવેલો છે એ લુનાર જેવા સ્થળોનો પણ સમાવેશ થાય છે. આવા સ્થળોએ રાત્રે આકાશ દર્શનના શિબિરો પ્રવાસીઓ વિદ્યાર્થીઓ અને ખગોળ શોખીનો માટે યોજાય. ઉલ્કા વર્ષા કે અન્ય રસપ્રદ ખગોળીય ઘટનાઓ, મેસીયર મેરેથોન જેવા સમયે ખાસ કાર્યક્રમ યોજાય, સમયાંતરે સ્ટારપાર્ટીઓ યોજાય અને ખગોળશાસ્ત્રના વિકાસ અને અભ્યાસ માટેની ઈકો સિસ્ટમ વિકસે એવો હેતુ રખાયેલો છે. ગુજરાત સરકાર પણ રાજ્યમાં એસ્ટ્રો ટુરીઝમ જ નહીં, યુવાનો અને લોકોમાં વૈજ્ઞાનિક અભિગમના પ્રસાર માટે જ્યારે ગુજરાતના જ પનોતા પુત્ર એવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખગોળશાસ્ત્રને યુવાનોમાં લોકપ્રિય બનાવવા માટેનો વિચાર વહેતો કર્યો છે ત્યારે એને ચરિતાર્થ કરવા માટે મહારાષ્ટ્રની માફક પોતાની ડાર્ક સ્કાય પોલીસી વિક્સાવે એ સમયસરનું ગણાશે. પણ સામાન્ય ખગોળ શોખીનો અને વિદ્યાર્થીઓમાં આકાશ દર્શન અને ખગોળને લોકપ્રિય બનાવી એમાં રસ લેતાં કરવા હોય તો પ્રથમ તો એમને ઘર આંગણે કે એની નજીકમાં જ એ સહેલાઈથી આકાશના તારાઓ જોઈ શકે એવું આકાશ ઉપલબ્ધ કરાવવું એ પહેલી પ્રાથમિકતા હોવી જોઈએ. આ માટે બેફામ પ્રકાશ પ્રદુષણને નાથવું જરૂરી છે. એમાં મુખ્ય વિલન એલઈડી લાઈટ્સ બની રહી છે અને શહેરોમાં જ નહીં ગામડામાં પણ એનો વપરાશ સ્ટ્રીટ લાઈટોથી લઈને અનેક જગ્યાએ થઈ રહ્યો છે. એ આકાશમાં સફેદ પ્રકાશનો મોટો ઉજાસ પાથરી દે છે. એ બિનજરૂરી પ્રકાશ ફેલાતો અટકાવી શકાય એમ છે. ભારતમાં અનેક જગ્યા એસ્ટ્રો ફોટોગ્રાફર અને તજજ્ઞો માટે જાણીતી હોઈ શકે પણ ત્યાં પહોંચવાની અનુકૂળતા, સાધન-સજજતા સૌ કોઈને હોય ન પણ શકે.

બીજું, વડાપ્રધાન મોદીની યુવાનોને ખગોળમાં રસ લેવા એસ્ટ્રોનોમી ક્લબમાં જોડાવાની અપીલના સંદર્ભમાં જોઈએ તો ગુજરાતમાં એનું વાતાવરણ ઠીક ઠીક સર્જાયેલું તો છે પણ હજુ એને કેળવવાની જરૂર છે. એક સમયે છોટુભાઈ સુથારના ખગોળ મંડળથી લઈને અમદાવાદની ભવાન્સ એસ્ટ્રોનોમી ક્લબ કે આજે અમદાવાદ, રાજકોટ, જામનગર, ભાવનગર, કચ્છ, વડોદરા, સુરત વગેરે જગ્યાએ એસ્ટ્રોનોમી ક્લબ તરીકે સંસ્થાગત અને વ્યક્તિગત રીતે પણ ખગોળ અને આકાશ દર્શનની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. વિજ્ઞાન કેન્દ્રો પણ પ્રસંગોપાત ટેલિસ્કોપથી આકાશ દર્શન કરાવે છે. પણ આ બધું શહેરો અને મેટ્રોસિટી કેન્દ્રિત છે. તેથી જ્યારે વડાપ્રધાને પોતાની મન કી બાત કાર્યક્રમમાં દેશની જે પાંચ મોટી ખગોળ વિશે સંસ્થાના ઉલ્લેખ કર્યા એમાં રાજકોટની બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબનો ઉલ્લેખ આપણા માટે મહત્વનો છે. આ ક્લબ દેશની એક શ્રેષ્ઠ અને તજજ્ઞો તથા સાધનોથી સુસજ્જ એસ્ટ્રોનોમી ક્લબ છે. એ સ્વયં એક વેધશાળા પણ સંચાલિત કરે છે. ગુજરાતની એકમાત્ર ટેલિસ્કોપ લાયબ્રેરી પણ ચલાવે છે અને ઈસરો દ્વારા માન્ય સંસ્થા પણ છે. હવે વડાપ્રધાનની અપીલ પછી આ એસ્ટ્રોનોમી ક્લબે ગુજરાત ની આ જરૂર પારખી એક વિશેષ પહેલ કરી છે. એ મુજબ હવેથી રાજ્યમાં કોઈ પણ ખૂણે થી કોઈપણ ખગોળ શોખીનો એમાં જોડાઈ શકે એ માટે ખાસ ઓનલાઈન મેમ્બરશીપ શરૂ કરી છે.

આ અંગે વધુ જાણકારી માટે મોબાઈલ નંબર ૯૧૯૪૨૬૪૭૩૩૯૪ પર સંપર્ક કરી શકાય છે. અને સૌથી મહત્વની ત્રીજી બાબત તો એ છે કે, આપણે સદીઓથી આપણાં સ્વજન જેવા બની રહેલા પોતિકા આકાશના અસ્તિત્વનો અહેસાસ કરતાં થઈએ એ છે. જ્યારે ઝગમગતા તારાઓ ભરેલું રાત્રી આકાશ આપણને આપણું પોતાનું લાગવા માંડે ત્યારે જ આપણે એની ખેવાના કરતા થઈ શકીએ.

## બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબમાં ૨૫૦૦થી વધુ લોકોએ ગુરુ-શુક્ર ગ્રહની યુતિ નિહાળી



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

૯ જૂન ૨૦૨૬ ના રોજ થયેલ ગુરુ અને શુક્રની યુતિ લોક વિજ્ઞાન કેન્દ્રની બિગ બેંગ એસ્ટ્રોનોમી ક્લબ ખાતે દોઢ કલાકના કાર્યક્રમમાં લગભગ ૨૫૦૦ રાજકોટવાસીઓએ માણી હતી. બંને ગ્રહ વચ્ચે જે અંતર હતું તેથી બંનેને એકજ ટેલિસ્કોપમાં જોવા શક્ય ન બને કેમ કે ટેલિસ્કોપમાના દ્રશ્યનો વ્યાપ ૧ થી ૧.૫ ડિગ્રી કરતા વધારે હોતો નથી.

જ્યારે આ બંને વચ્ચેનું અંતર ૧.૬ ડિગ્રી જેટલું હતું. બંને ને સાથે જોવા માટે 10x50 બાઈનોક્યુલર્સને ટ્રાયપોડ પર ગોઠવવામાં આવ્યા હતાં. જેના ૬.૫ ડિગ્રી ફિલ્ડમાં ગ્રહો સરસ ગોઠવાય જાય. ગુરુના પટ્ટાઓ અને ઉપગ્રહો તેમજ શુક્રની કળાઓ જોવા માટે અલગથી ૩ ટેલિસ્કોપ રાખવાના આવ્યા હતા.

## ધ્રોલ વિજ્ઞાન કેન્દ્રમાં ખગોળીય અવલોકન કાર્યક્રમ યોજાયો



**ટેલિસ્કોપ દ્વારા ગુરુ-શુક્ર ગ્રહ યુતિ નિહાળાઈ**

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ), ગાંધીનગરના પ્રેરણાથી તથા એમ.ડી. મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એમ.ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધ્રોલ દ્વારા ગુરુ અને શુક્ર ગ્રહની યુતિના નિદર્શન માટે વિશેષ ખગોળીય અવલોકન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

દરબારગઢ સ્થિત વિજ્ઞાન કેન્દ્ર ખાતે સાંજે ૭ થી ૯ વાગ્યા દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં પાવરફુલ દૂરબીન (ટેલિસ્કોપ)ની મદદથી ઉપસ્થિત નાગરિકો, વિદ્યાર્થીઓ અને વિજ્ઞાનપ્રેમીઓએ ગુરુ તથા શુક્ર ગ્રહનું જીવંત નિરીક્ષણ માટે આયોજન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન શુક્ર-ગુરુ ગ્રહ યુતિ એટલે શું ?, આ બંને ગ્રહોની રસપ્રદ વિગતો પાવર પોઈન્ટપ્રેસેંટેશન દ્વારા કેન્દ્ર ના ડો સંજય પંડ્યા દ્વારા આપવામાં આવી. ત્યારબાદ કાર્યક્રમના બીજા સેશનમાં ૧૦ ઈંચના ટેલિસ્કોપ વડે , બાયનોક્યુલર વડે ગુરુ - શુક્ર ગ્રહ યુતિનું પ્રાયોગિક નિદર્શન પધારેલ સૌ ખગોળરસિકો માટે યોજયો હતો. સંસ્થાના ચેરમેન ધર્મેશભાઈ મહેતા અને સેક્રેટરી સુધાબેન ખંઢેરીયાએ સામેલ સૌને શુભેચ્છા પાઠવ્યા હતાં. જિલ્લાના તમામ ખગોળ રસિકો આવા કાર્યક્રમનો અવિરત લાભ લેવા વિજ્ઞાનકેન્દ્ર ધ્રોલ સંચાલિત જામનગર એસ્ટ્રો ક્લબમા સભ્ય બનવા ડો. સંજય પંડ્યાનો ૯૯૭૯૨૪૧૧૦૦ પર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરવામાં આવે છે.

## જુનાગઢ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ગુરુ-શુક્ર ગ્રહની યુતિ જોવાનો કાર્યક્રમ યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

'આજે, ૯ જૂન ૨૦૨૬ના રોજ, ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન આકાશમાં ગુરુ (Jupiter) અને શુક્ર (Venus) ગ્રહોની અતિ સુંદર યુતિ (Conjunction) જોવા મળી હતી. આ ખગોળીય ઘટના આ વર્ષે દેખાતા સૌથી આકર્ષક ખગોળીય દ્રશ્યોમાંનું એક માનવામાં આવે છે.

ખગોળીય રીતે યુતિ શું છે? યુતિ એટલે પૃથ્વી પરથી જોતા બે ગ્રહો આકાશમાં એકબીજાની ખૂબ નજીક દેખાય. હકીકતમાં તેઓ કરોડો કિલોમીટર દૂર હોય છે, પરંતુ દ્રષ્ટિકોણના કારણે નજીક દેખાય છે.

આજની યુતિની વિશેષતાઓ શુક્ર અને ગુરુ આકાશમાં લગભગ ૧.૬જી જેટલા અંતરે દેખાય છે. બંને પશ્ચિમ આકાશમાં સૂર્યાસ્ત પછી લગભગ ૪૫ મિનિટથી ૨ કલાક સુધી દેખાશે. શુક્ર સૌથી તેજસ્વી અને ગુરુ બીજો સૌથી તેજસ્વી ગ્રહ હોવાથી તેમને ઓળખવા સરળ છે. ઉત્તર ગોળાર્ધમાં ૨૦૨૮ સુધી આટલી નજીકની શુક્ર-ગુરુ યુતિ ફરી જોવા નહીં મળે. હજુ પણ સૂર્યાસ્ત પછી સાંજે લગભગ ૭:૩૦ થી ૯:૦૦ દરમિયાન પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ (West-Northwest) દિશામાં થોડાક દિવસ સુધી આ બંને ગ્રહો પાસ પાસે જોવા મળશે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરોઃ દુકાન નં.૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની. સામે, ઉમરગામ, 97240 70571/ 9898839269

# ઉમરગામમાં બસ સેવાના ઉદ્ઘાટન મુદ્દે ભાજપમાં નારાજગી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** ઉમરગામ તાલુકામાં નવી એસટી બસ સેવાઓના પ્રારંભને લઈને રાજકીય ગરમાવો જોવા મળ્યો છે. મંગળવારે સરીગામ ખાતે તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા રાકેશ રાય તથા અપક્ષ સભ્યોની હાજરીમાં બે નવી બસ સેવાઓને લીલી ઝંડી અપાઈ હતી. આ કાર્યક્રમમાં ભાજપના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને હોદ્દેદારોને આમંત્રણ ન અપાતા ભાજપમાં ભારે નારાજગી ફેલાઈ હતી.

આ વિવાદ બાદ બુધવારે મરોલી ખાતે ઈન્ટરસિટી એસટી બસ સેવા (મરોલીપ્રમાણેકપુર-ખતલવાડા-સંજાણ રૂટ)ના પ્રારંભ પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નિરવ શાહ, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ સહિત ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

## એસટી અધિકારીએ જાહેરમાં માફી માંગી

પ્રસંગ દરમિયાન એસટી વિભાગના અધિકારી ધનસુખભાઈ પટેલે જાહેરમાં સ્વીકાર્યું કે સરીગામ-ભીલાડ-દમણ બસ સેવાના પ્રારંભ પ્રસંગે ભાજપના હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને જાણ કરવાની તથા આમંત્રણ આપવાની જરૂર હતી, પરંતુ તે રહી ગયું હતું. આ બાબતે તેમણે ખેદ વ્યક્ત કરી જાહેરમાં માફી માંગી હતી. એસટી અધિકારીની જાહેર માફી બાદ સમગ્ર મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

# ઉમરગામમાં હળપતિ આવાસ યોજના લાભાર્થીઓ માટે વિશેષ કાર્યક્રમ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** ઉમરગામ તાલુકામાં હળપતિ આવાસ યોજના અંતર્ગત જરૂરિયાતમંદ લાભાર્થીઓને લાભ મળી રહે તે હેતુથી ગાંધીનગરથી આવેલા ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તાલુકાના વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.






કાર્યક્રમ દરમિયાન ખેતીવાડી વિભાગના અધિકારીઓની હાજરીમાં ખેડૂતોને યુરિયા ખાતર તેમજ બિયારણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉમરગામ તાલુકામાં આશરે ૧૫૦૦ લાભાર્થીઓને આવાસ યોજનાનો લાભ આપવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે અને તે માટે ફોર્મ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના અધિકારી તેજસભાઈ, ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા પંચાયત પ્રમુખ સતિષભાઈ, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્યો અને કન્વીનર મુકેશભાઈ પટેલ, સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાત, ખતલવાડ ગ્રામ પંચાયતના સરપંચ સુરેન્દ્રભાઈ ટંડેલ તથા ધોડીપાડા ગ્રામ પંચાયતના સરપંચ મીનાબેન સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે હળપતિ આવાસ યોજના માટેના ફોર્મ જરૂરી આધારભૂત દસ્તાવેજો સાથે રજૂ કર્યા બાદ અંદાજે એક મહિનાના સમયગાળામાં મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

ધારાસભ્ય રમણભાઈ પાટકરે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, આવાસ અને કલ્યાણલક્ષી અનેક યોજનાઓનો વ્યાપક અમલ થયો છે. જેના કારણે લાખો લાભાર્થીઓને સીધો લાભ મળ્યો છે. તેમણે હળપતિ સમાજ માટે અમલમાં મુકાયેલી આવાસ યોજના સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે ખેડૂતોને ખાતર અને બિયારણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ભીલાડ ગ્રામસભામાં વિવિધ લોકપ્રશ્નો અંગે ચર્ચા કરાઈ





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** ભીલાડ ગ્રામ પંચાયત ખાતે ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામસભામાં ગ્રામજનોએ ચોમાસાને ધ્યાનમાં રાખી ગટરની સફાઈ, કચરાના યોગ્ય નિકાલ, વૃદ્ધો માટે વોકિંગ ટ્રેક અથવા ચાલવા માટેની જગ્યા, નીચે આવી ગયેલા વીજ લાઈટના કેબલ વાયર ઊંચા કરવાની જરૂરિયાત, તળાવના સૌંદર્યકરણ સહિતના મુદ્દાઓ રજૂ કર્યા હતાં.

આ ઉપરાંત ફૂટપાથ પર પાથરણા પાથરવાના કારણે સર્જાતી ટ્રાફિક જામની સમસ્યા તેમજ ભીલાડ પ્રવેશદ્વાર નજીક સરકારી જમીન પરના દબાણો દૂર કરી ત્યાં આંગણવાડી બનાવવાની માંગ પણ ગ્રામજનોએ ઉઠાવી હતી.

ગ્રામસભામાં તમામ મુદ્દાઓ પર શાંતિપૂર્ણ વાતાવરણમાં ચર્ચા કરવામાં આવી હતી. સરપંચ વૈશાલીબેન કપિલભાઈ જાદવે ગ્રામજનોના પ્રશ્નો સાંભળી સંબંધિત સમસ્યાઓના વહેલી તકે નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# સરીગામ ખાતે રોજગાર ભરતીમેળા યોજવાની માંગ ઉઠી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** ઉમરગામ તાલુકાના મધ્યમાં આવેલ અને તાલુકાનું સૌથી વધુ વસ્તી ધરાવતું સરીગામ ગામ ખાતે સ્થાનિક બેરોજગાર યુવાનોને રોજગારીની તક ઉપલબ્ધ કરાવવા માટે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવાની માંગ કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે સરીગામની વસ્તી ૩૦ હજારથી વધુ છે અને ભીલાડ, ડહેલી, માંડા, અણગામ, પૂનાટ, કરજગામ તેમજ સરીગામ જીઆઈડીસી સહિતના વિસ્તારો સાથે જોડાયેલું મુખ્ય કેન્દ્ર છે.

સરીગામ જીઆઈડીસી અને આસપાસના વિસ્તારોમાં મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમો કાર્યરત હોવા છતાં ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા વધી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. સાથે જ સ્થાનિક યુવાનોને સરકારના નિયમો મુજબ રોજગારીના લાભો પૂરતા પ્રમાણમાં મળતા નથી તેવી ચિંતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

આથી સરીગામ ગ્રામ પંચાયતના સંકલનથી સરીગામ ખાતે પરિણામલક્ષી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવે અને સ્થાનિક બેરોજગાર યુવાનોને રોજગારીની તક ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ સંબંધિત તંત્ર સમક્ષ કરવામાં આવી છે.

### મોદી સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતાં

# ઉમરગામ ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા





**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતાં ઉમરગામ તાલુકા અને શહેર ભાજપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉમરગામના કાળભૈરવ મંદિરે વહેલી સવારે સ્વચ્છતા અભિયાન યોજી સ્વચ્છતા ત્યાં પ્રભુતાના સંદેશને સાર્થક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સાંજે શ્રી કાળભૈરવ ભગવાન તથા રાણીવાલા હનુમાન દાદાના મંદિરે આરતી કરવામાં આવી હતી. ઉમરગામ શહેર ભાજપ દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર સહિત વિવિધ મંદિરોમાં પણ આરતીના કાર્યક્રમો યોજાયા હતાં.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા ભાજપ પ્રમુખ ડો. નીરવ શાહ તથા તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના કાર્યકાળ દરમિયાન દેશના વિકાસ અને વૈશ્વિક સ્તરે ભારતની વધેલી પ્રતિષ્ઠાની પ્રશંસા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી દેશના સૌથી લાંબા સમય સુધી સતત ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે સેવા આપી રહ્યા છે, જે ગૌરવની બાબત છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે બદલ આગેવાનોએ વડાપ્રધાનને શુભેચ્છાઓ પાઠવી તેમના કાર્યને બિરદાવ્યું હતું.

# ઉમરગામ એમ.એમ. હાઈસ્કૂલ ખાતે નવા શૈક્ષણિક મકાનનું ઉદ્ઘાટન કરાયું






**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** ઉમરગામ એજ્યુકેશન સોસાયટી સંચાલિત એમ. એમ. હાઈસ્કૂલ, ઉમરગામ ખાતે નર્સરીથી ધોરણ-૨ સુધીના વિદ્યાર્થીઓ માટે નિર્મિત નવા શૈક્ષણિક મકાનનું ભવ્ય ઉદ્ઘાટન સમારોહ તા. ૧૦ જૂન, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ઃ૦૦ વાગ્યે યોજાયો હતો. આ કાર્યક્રમમાં યુવા વૈજ્ઞાનિક વિવાન પ્રશાંત કારુળકર , બિઝનેસ સ્ટ્રેટેજી દેવિકા નીલેશ ધોપટકર, વિવાનની માતાશ્રી શીતલબેન પ્રશાંત કારુળકર અને વિવાન કારૂળકરનાં પરિવારનાં સભ્યો અને શાળાનાં પ્રમુખ ઈશ્વરભાઈ બારી, સેક્રેટરી ઉલ્હાસભાઈ ટંડેલ, ખજાનચી બંકીમભાઈ શાહ તેમજ ઉમરગામ એજ્યુકેશન સોસાયટીનાં સભ્યો, ઉમરગામ નગરપાલીકાનાં પ્રમુખ પણ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમની શરૂઆતમા દીપપ્રાગટ્ય તથા સરસ્વતી વંદના સાથે કરવામાં આવી હતી.

વિવાન પ્રશાંત કારુળકર યુવા વૈજ્ઞાનિક, લેખક, ઉદ્યોગસાહસિક અને વિઝનરી લીડર તરીકે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતા છે. નાની વયે જ પેટન્ટ ફાઈલ કરનાર, અનેક પુસ્તકોના લેખક તેમજ VK Asteroid Mining અને Vivaan Capitals Managementના સ્થાપક તરીકે તેમણે નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમના યોગદાન બદલ તેમને વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો -ાપ્ત થયા છે.

દેવિકા નીલેશ ધોપટકર બિઝનેસ સ્ટ્રેટેજી અને મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત વ્યાવસાયિક છે. તેઓ VK Asteroid Miningના માર્કેટિંગ અને પબ્લિક રિલેશન્સ વિભાગનું નેતૃત્વ કરે છે તેમજ Vivaan Capitals Management માં જનરલ મેનેજર તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળે છે.

આ પ્રસંગે પ્રશાંત કારુળકર પરિવાર જનો ઉપસ્થિત રહ્યા હતાં.

શાળાનું શૈક્ષણિક મકાન કારુળકર પ્રતિષ્ઠાન સંસ્થા દ્વારા આપવામાં આવેલ રૂા. ૧.૫ કરોડના ઉદાર દાનના પરિણામે સાકાર થયું છે. આ અવસરે સંસ્થાના સેક્રેટરીશ્રી ઉલ્હાસભાઈ ટંડેલએ કારુળકર પ્રતિષ્ઠાન સંસ્થા તેમજ પ્રશાંત કારુળકર પરિવાર પ્રત્યે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેમના આ અમૂલ્ય યોગદાનથી વિદ્યાર્થીઓને વધુ આધુનિક, સુરક્ષિત અને સુવિધાસભર શૈક્ષણિક વાતાવરણ પ્રાપ્ત થશે.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોએ શિક્ષણના મહત્વ, સમાજના વિકાસમાં શૈક્ષણિક સંસ્થાઓની ભૂમિકા તથા ભવિષ્યની પેઢીના ઘડતરમાં ગુણવત્તાયુક્ત શિક્ષણના યોગદાન અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, સંસ્થાના હોદ્દેદારો તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ, વાલીઓ અને મહેમાનો માટે નાસ્તાની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. નવા શૈક્ષણિક મકાનનું ઉદ્ઘાટન યુવા વૈજ્ઞાનિક, લેખક અને ઉદ્યોગસાહસિક વિવાન પ્રશાંત કારુળકર તથા બિઝનેસ સ્ટ્રેટેજિસ્ટ દેવિકા નીલેશ ધોપટકરના શુભ હસ્તે સંપન્ન થયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રાથમિક વિભાગના સુપરવાઈઝર પ્રસાદ ઢાપરે દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન આચાર્ય અલ્પેશકુમાર પટેલ તથા સહઆચાર્યા જેસલબેન શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. અંતમાં મનીષભાઈ પટેલ કારુળકર પરિવાર, મહાનુભાવો, વાલીઓ, શિક્ષકો કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે કાર્યક્રમનું સફળતાપૂર્વક સમાપન થયું હતું.

# ઉમરગામની આરાધના સ્કૂલમાં શાળાના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓમાં ઉત્સાહનો માહોલ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** આરાધના સ્કૂલમાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત નિમિત્તે વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલના ચેરપર્સન ક્રિષ્નાસિંહ રૂપવિજયસિંગ પરમારના માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.




આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વ હિન્દુ પરિષદના વિભાગનાં વિશેષ સંપર્ક પ્રમુખ પિયુષભાઈ શાહ ઉપસ્થિત રહ્યા. તેમણે વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષની શુભેચ્છાઓ પાઠવી અને નિયમિત અભ્યાસ, શિસ્ત તથા સંસ્કારનું મહત્વ સમજાવ્યું હતું.

સાથે મનિષભાઈ કાંતિલાલ ભોગાયતા મહારાજ સ્કૂલના કેમ્પસ ડાયરેક્ટર સુદેશ નાભીયાર, ટીચર્સ એકેડમીના મૃદુલા સક્સેના, મંગલા રાઉત તેમજ સ્કૂલના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

ઉનાળાની રજાઓ પૂર્ણ થતાં શાળામાં ફરીથી ચહલપહલ જોવા મળી હતી. નવા યુનિફોર્મ, પુસ્તકો અને બેગ સાથે વિદ્યાર્થીઓ ઉત્સાહભેર શાળામાં પહોંચ્યા હતા. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓનું તિલક કરીને અને ફૂલ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

નાના બાળકો માટે ખાસ પ્રવૃત્તિઓ તથા પરિચય કાર્યક્રમ યોજાયો હતો. શાળાના મેદાનમાં પ્રાર્થના સભા યોજાઈ હતી, જેમાં નિયમિત અભ્યાસ, શિસ્ત અને સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વાલીઓએ પણ બાળકોને શાળાએ મુકવા આવી ખુશી વ્યક્ત કરી હતી. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું તેમજ આવનારા શૈક્ષણિક કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી. નવા શૈક્ષણિક વર્ષને લઈને વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં નવી આશા, ઉમંગ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

### માહ્યાવંશી સેવા ટ્રસ્ટ દ્વારા

# પળગામ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** ઉમરગામ તાલુકા માહ્યાવંશી સેવા ટ્રસ્ટ ( રજી.નં.એ-૯૮૨-વલસાડ) સંસ્થા દ્વારા પળગામ પ્રાથમિક શાળા ખાતે પળગામના નવયુવાન મિત્રો તથા ટ્રસ્ટનાં સભાસદોના સહયોગથી ૫ મી જૂન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના ભાગરૂપે શાળાના પટાંગણમાં વૃક્ષો વાવી વિશ્વ પર્યાવરણ દિનની હોંશભેર ઉજવણી કરવામાં આવી. સાથે સાથે એ જ દિવસે ટ્રસ્ટ દ્વારા શાળામાં યોજાયેલી રક્તદાન શિબિરમાં પધારી રક્તદાન કરનારાં દરેક રકતવીરોના હસ્તે એક એક છોડની વાવણી કરાવી ટ્રસ્ટ દ્વારા



વૈશ્વિક પર્યાવરણ પ્રત્યે સજાગતા રાખવાનો સંદેશો પાઠવવામાં આવ્યો. વિશ્વ પર્યાવરણ દિન ૨૦૨૬ માટે નિર્ધારિત કરવામાં આવેલ થીમ કલાઈમેટ ચેન્જને ધ્યાનમાં રાખી ઉપસ્થિત મહેમાનો તથા આગેવાનો દ્વારા તંદુરસ્ત ચર્ચાવિચારણા હાથ ધરવામાં આવી. પરંપરાગત કુદરતી સ્ત્રોતના ઉપયોગ તરીકે સોલાર એનર્જીનું મહત્વ ઉપસ્થિત સૌ મહેમાનોને સમજાવવામાં આવ્યું. તદ્દપરાંત દરેક ઘર પોલીથીન બેગનો ઉપયોગ સદંતર બંધ કરે અને કાગળ અથવા કાપડની થેલીનો મહત્તમ ઉપયોગ કરી પર્યાવરણ બચાવવા સજાગ બને એવી અપીલ કરવામાં આવી. ટૂંકા અંતર માટે ડીઝલ પેટ્રોલ દ્વારા સંચાલિત વાહનોનો ઉપયોગ ઘટાડવા પર ભાર મૂકી વિશ્વ પર્યાવરણને આપણે કંઈ રીતે મદદરૂપ બની શકીએ જેવી ઉપયોગી ચર્ચા કરવામાં આવી.અંતે આજના વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લેનારા તમામ મહેમાનોનો ટ્રસ્ટ દ્વારા હૃદયપૂર્વક આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો.

# ઉમરગામના કથાકાર હાર્દિક શુક્લ કેનેડામાં કથાનું રસપાન કરાવશે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** ઉમરગામના યુવા કથાકાર, ભાગવતાચાર્ય શાસ્ત્રી હાર્દિક શુક્લને કેનેડામાં શ્રીમદ્ દેવી ભાગવત મહાપુરાણ કથાના આયોજન માટે આમંત્રણ મળતાં સમગ્ર ઉમરગામ પંથકમાં આનંદની લાગણી પ્રસરી છે. આ પ્રસંગે વિશ્વ વિખ્યાત કથાકાર જીગ્નેશ દાદા (રાધે-રાધે) દ્વારા વ્યાસપીઠ પરથી હાર્દિકભાઈને તેમની વિદેશ યાત્રા અને કથા સેવાકાર્યની સફળતા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. પ્રસંગ દરમિયાન ઉમરગામ પીડાગ્રસ્ત ગૌશાળાના સંચાલકો દ્વારા જીગ્નેશ દાદાને શાલ ઓઢાડી



તથા પુષ્પહાર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ કેનેડાની પવિત્ર ધરતી પર સનાતન ધર્મનો સંદેશ પહોંચાડવા અને ઉમરગામનું ગૌરવ વધારવા જઈ રહેલા યુવા કથાકાર ભાગવતાચાર્ય શાસ્ત્રી હાર્દિક શુક્લનું પણ શાલ ઓઢાડી અને પુષ્પહાર અર્પણ કરીને ભાવભેર સન્માન કરવામાં આવ્યું હતું.

### મીતના સમાજના યુવાનોની પ્રેરણાદાયી પહેલ

# નારગોલમાં ઈકો ટુરિઝમ બીચ પરથી ૧૦૦૦ કિલો કચરો હટાવ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ઉમરગામ, તા.૧૧ :** ઉમરગામ તાલુકાના નારગોલ ગામના મીતના સમાજના યુવાનોએ સ્વચ્છતા ક્ષેત્રે એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગામના યુવાનો દ્વારા નારગોલ ઈકો ટુરિઝમ બીચ ખાતે સ્વૈચ્છિક સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સફાઈ અભિયાનમાં મીતના સમાજના યુવાનો પોતાના મિત્ર વર્તુળ સાથે જોડાયા હતા. આ પ્રસંગે તાલુકા પંચાયતના સભ્ય ઉપેન્દ્ર માછીં પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા.



સૌએ સાથે મળીને શ્રમદાન કર્યું હતું.

સફાઈ અભિયાન દરમિયાન યુવાનોએ દરિયા કિનારે ફેંકાયેલ પ્લાસ્ટિકની થેલીઓ, પાણીની બોટલો, પેપર ડિશ, ગુટખાના પાઉચ સહિતનો અંદાજે ૧૦૦૦ કિલો કચરો એકત્રિત કર્યો હતો. યુવાનોએ માત્ર સફાઈ જ ન કરી પરંતુ બીચ પર ફરવા આવેલા પ્રવાસીઓ અને સ્થાનિક લોકોને સ્વચ્છતા જાળવવા માટેનો સંદેશ પણ આપ્યો હતો. બીચ આપણી શાન છે, તેને સ્વચ્છ રાખવાની જવાબદારી આપણી સૌની છે એવો સંદેશ પાઠવી લોકજાગૃતિ ફેલાવી હતી. નારોલ ગામના સરપંચ સ્વીટી ભંડારી અને પંચાયતની ટીમે યુવાનોની આ કામગીરીને બિરદાવી હતી અને કહ્યું હતું કે, મીતના સમાજના યુવાનોએ જે જુસ્સો બતાવ્યો છે તે બીજા સમાજ માટે પણ પ્રેરણારૂપ છે. જો દરેક ગામના યુવાનો આ રીતે આગળ આવે તો સ્વચ્છ ભારતનું સપનું જરૂર સાકાર થશે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Friday 12, June 2026


## એ.આઈ. ન તોળી શકે ન્યાય

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની જાણકારી કે સલાહના આધારે અપાયેલો કોઈ પણ કાયદાકીય ચુકાદો ક્યારેય માન્ય નહીં રહે તેવું દેશની સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કરી દીધું છે. વધારે પડતા અનર્થો સર્જાય તે પૂર્વે જ સુપ્રીમ કોર્ટે આ અંગે મર્યાદા નક્કી કરી નાખી છે. આખા દેશની કોર્ટમાં એ.આઈ.નો ઉપયોગ નિયંત્રિત કરવા માટે રેગ્યુલેશન ફોર યુઝ ઓફ એઆઈ ઈન કોર્ટ ૨૦૨૬નો એક નવો જ ડ્રાફ્ટ તૈયાર થયો છે. એઆઈ સહાયક ઉપકરણ છે, આખરી નિર્ણય કે ચુકાદો તો માનવીય બુદ્ધિ પાસે જ છે, તે સર્વોચ્ચ અદાલતનો અહીં હેતુ છે. એ.આઈ.ના પ્રભાવથી કોઈ ક્ષેત્ર બાકી નથી. વેપાર-ઉદ્યોગ, બેન્કિંગ કે કળા-સંગીત, ફિલ્મ બધું હવે આ નવી ટેક્નોલોજીની સહાયથી શક્ય છે. તબીબીક્ષેત્રે પણ મહાક્રાંતિના મંડાણ થયાં છે. તે સ્થિતિમાં ન્યાયપ્રક્રિયામાં પણ એ.આઈ.નું હોવું નવી વાત નથી, પરંતુ સર્વોચ્ચ અદાલત કહે છે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્યારેય જજ કે તેના વિવેકની જગ્યા લઈ શકે નહીં. અત્યંત અગત્યની વાત એ થઈ છે કે, એ.આઈ.નો ઉપયોગ ક્યારેય આરોપીના જામીનની યોગ્યતા નક્કી કરવામાં, સાક્ષીઓની વિશ્વસનીયતા નક્કી કરવામાં કે કોઈ ન્યાયિક પરિણામનું અનુમાન લગાવવામાં થઈ શકે નહીં. જો કોઈ વકીલ કોર્ટમાં એઆઈ દ્વારા તૈયાર થયેલા ચુકાદાનો ઉપયોગ કરશે તો તે પણ સજાપાત્ર ઠરશે. કેસ મેનેજન્ટ, અનુવાદ, કાયદાકીય સંસોધનો જેવા કામો માટે એ.આઈ.નો ઉપયોગ થશે. ન્યાય માટે નહીં. સર્વોચ્ચ અદાલતનો આ ડ્રાફ્ટ ઘણો અગત્યનો છે. જો ન્યાય પ્રક્રિયા પણ એઆઈ આધારિત થઈ જાય તો જોખમ વધી જાય. કાયદાકીય પ્રક્રિયા તો જીવન-મૃત્યુ સુધીની વાત છે અને તે કોઈ મિકેનિકલ કાર્યવાહી નથી. ન્યાયમાં સંવેદના કામ ન આવે, પરંતુ માનવીય વિચાર તો આવશ્યક છે જ. સર્વોચ્ચ અદાલતે જે કામ કાનૂની ક્ષેત્ર માટે કર્યું તે અન્ય બાબતો માટે પણ થવું હવે જરૂરી છે. બધે એઆઈ ધસમસતું આવી રહ્યું છે. સર્જનાત્મકતાના ક્ષેત્રે પણ તેનો પ્રવેશ થઈ ગયો છે. ક્રીપ્ટ લખવાથી માંડીને ડોક્યુમેન્ટરીઓ બનાવવા સુધીનું કામ થાય છે. રોજગારી ઉપર ખતરો છે જ. એ.આઈ. મનુષ્યે બનાવ્યું છે. મનુષ્યથી ઉપર થઈ ન શકે તેવી અવાસ્તવિક અને લાગણીભરી વાતોનો અર્થ નથી. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, સર્ચ એન્જિન-ઈન્ટરનેટની વાત જુદી હતી. આ મામલો આખો નોખો છે. અહીં તેને નિયંત્રિત કરવો જ પડશે. માનવીય સંવેદના સર્વોપરી છે તે બરાબર પરંતુ જેમને વેપાર કરવો છે, ઓછા સમયમાં વધારે ઉત્પાદન કરીને કમાવું છે તેમને સંવેદનાના સ્તરથી શું નિસબત, સંસ્થાઓ, વેપાર-ઉદ્યોગગૃહો પોતે સમજે અને માનવીય ગરિમા કે માનવશ્રમનું મૂલ્ય કરે તો વાત અલગ છે. સર્વોચ્ચ અદાલતે પહેલ કરી છે, આ રસ્તે ચાલવા જેવું છે. એ.આઈ.ની અવગણના નથી, પરંતુ એઆઈને લીધે સર્જનાત્મકતા, માનવીય ગરિમાની અવગણના ન થાય તે તરફ પ્રયાણ છે.

# ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ફરી બંધ કર્યું

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૧ :** અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો સૈન્ય સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચી ગયો છે. ઈરાનની સર્વોચ્ચ સંયુક્ત સૈન્ય કમાન્ડે વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા 'હોર્મુઝ સ્ટ્રેટ' ને અમેરિકાના હુમલાને પગલે ફરી એકવાર સંપૂર્ણપણે બંધ કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. ઈરાને કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો કોઈ પણ તેલ ટેન્કર કે વ્યાપારી જહાજ આ દરિયાઈ માર્ગ પરથી પસાર થવાનો પ્રયાસ કરશે તો તેના પર સીધો સૈન્ય હુમલો કરવામાં આવશે. હોર્મુઝ સ્ટ્રેટ વિશ્વના સૌથી સંવેદનશીલ અને વ્યૂહાત્મક દરિયાઈ માર્ગો પૈકીનો એક છે, જ્યાંથી દુનિયાભરના તેલ પુરવઠાનો મોટો હિસ્સો પસાર થાય છે. ઈરાનની આ નાકાબંધીને કારણે આંતરરાષ્ટ્રીય ઉર્જા બજાર અને વૈશ્વિક અર્થતંત્ર પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે. ઈરાનની સત્તાવાર ન્યૂઝ એજન્સીઓ અને ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના જણાવ્યા અનુસાર, નિયમોનું ઉલ્લંઘન કરનારા બે જહાજોને દરિયામાં પહેલેથી જ નિશાન બનાવવામાં આવ્યા છે. જોકે, અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ એ ઈરાનના આ દાવાને નકારી કાઢતા કહ્યું છે કે આ જળમાર્ગ સંપૂર્ણ બંધ નથી થયો અને અમેરિકન જહાજો પર કોઈ સફળ હુમલો થયો નથી. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને સંરક્ષણ મંત્રી પીટ હેગસેથના આદેશ પર અમેરિકન દળોએ ઈરાનના અનેક મહત્વના સૈન્ય ઠેકાણાઓ પર 'સેલ્ફ-ડિફેન્સ સ્ટ્રાઈક' (સ્વ-બચાવમાં હુમલા) શરૂ કર્યા છે. સરકારી ન્યૂઝ એજન્સી "RNA ના અહેવાલ મુજબ ઈરાનના દક્ષિણ ભાગોમાં ભારે બોમ્બમારો થયો છે: કેશમ અને હેંગામ ટાપુઓ પર અજ્ઞાત મિસાઈલો અને પ્રોજેક્ટાઈલ પડવાથી શક્તિશાળી વિસ્ફોટો થયા છે. વ્યૂહાત્મક રીતે મહત્વ ધરાવતા બંદર અબ્બાસ એરપોર્ટ અને સૈન્ય એરબેઝ નજીક શ્રેણીબદ્ધ ધડાકા સંભળાયા છે. કંગાન બંદર અને સીરિક વિસ્તારમાં પણ અમેરિકી હુમલામાં મિલિટરી ઈન્સ્ટોલેશનને નિશાન બનાવવામાં આવ્યા છે. આ સૈન્ય હોળીની આંચ પાડોશી દેશો સુધી પહોંચી ગઈ છે. ઈરાની મીડિયાએ દાવો કર્યો છે કે અમેરિકી હુમલાના જવાબમાં તેમણે બહેરીનમાં સ્થિત અમેરિકી નૌકાદળના 'ફિફ્થ ફ્લીટ' ના મુખ્યાલય પર મિસાઈલો દાગી છે, જેના કારણે બહેરીનમાં એર રેડ સાયરન ગુંજી ઉઠ્યા છે. બીજી તરફ, ઈરાનની 'તસ્નીમ' ન્યૂઝ એજન્સીએ લશ્કરી સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે ઈરાની સેના કોઈ પણ પરિસ્થિતિનો સામનો કરવા સજ્જ છે. જો અમેરિકા તેની આક્રમકતા ચાલુ રાખશે, તો મિડલ ઈસ્ટમાં રહેલા તમામ અમેરિકાના હિતો અને લશ્કરી મથકોને ઈરાન નવા સિરાથી ધ્વસ્ત કરી નાખશે. આ તાજા સૈન્ય સંઘર્ષે સમગ્ર ખાડી ક્ષેત્રને ફરી એકવાર યુદ્ધના મુહાને લાવીને ઊભું રાખી દીધું છે.

# ભારત-બાંગ્લાદેશ સરહદે હોબાળો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૧ :** પૂર્વોત્તર રાજ્ય મેઘાલય અને બાંગ્લાદેશની આંતરરાષ્ટ્રીય સરહદ પર મોટો હોબાળો થયો હતો. સીમા સુરક્ષા દળ (BSF) દ્વારા કથિત રીતે એક બાંગ્લાદેશી નાગરિકને પરત મોકલવાની કાર્યવાહી બાદ બંને દેશોની સરહદ પર ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી અને ત્યારબાદ પથ્થરમારાની ઘટનાઓ સામે આવી હતી. આ ઘટના મેઘાલયના દક્ષિણ પશ્ચિમ ગારો હિલ્સ જિલ્લાના મહેન્દ્રગંજ વિસ્તારમાં આવેલા નંદિર ચાર સરહદી વિસ્તારની હોવાની માહિતી મળી રહી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા પ્રમાણે સંબંધિત વ્યક્તિએ કથિત રીતે ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશ કર્યો હતો. સુરક્ષા એજન્સીઓ દ્વારા તેને કસ્ટડીમાં લીધા બાદ BSFએ તેને બાંગ્લાદેશ તરફ પરત મોકલવાની પ્રક્રિયા શરૂ કરી. જોકે, આ મામલો ત્યારે વધુ ગૂંચવાયો જ્યારે બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડ્સ (BGB) અને સરહદ પાર હાજર સ્થાનિક લોકોએ કથિત રીતે તે વ્યક્તિનો સ્વીકાર કરવાનો ઈનકાર કરી દીધો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે BGBના ઈનકાર બાદ તે વ્યક્તિ બંને દેશોની સરહદ વચ્ચે ફેન્સિંગ પાસે જ ફસાઈ ગયો. આના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ભ્રમ અને તણાવની સ્થિતિ સર્જાઈ ગઈ.

# જહાજો પર હુમલા બંધ કરો : ભારત

### ઈરાન પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધીના કારણે સર્જાયેલી આ તંગદિલીએ હવે ભારત અને અમેરિકાના રાજદ્વારી સંબંધોમાં પણ તણાવ લાવી દીધો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**નવી દિલ્હી, તા.૧૧ :** મિડલ ઈસ્ટમાં ચાલી રહેલો તણાવ હવે દરિયાઈ માર્ગો પર નિર્દોષ લોકોનો ભોગ લઈ રહ્યો છે. ઓમાનના દરિયાકાંઠે અમેરિકી નૌસેના દ્વારા કરવામાં આવેલા શ્રેણીબદ્ધ હુમલામાં ત્રણ ભારતીય નાવિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. ઈરાન પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલી દરિયાઈ નાકાબંધીના કારણે સર્જાયેલી આ તંગદિલીએ હવે ભારત અને અમેરિકાના રાજદ્વારી સંબંધોમાં પણ તણાવ લાવી દીધો છે. ભારતે આ ઘટનાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે અને હુમલા તાત્કાલિક રોકવાની માંગ કરી છે.

ગઈકાલે ભારતીય વિદેશ મંત્રાલયે દિલ્હીમાં તૈનાત અમેરિકાના ચાર્જ ડી અફેર્સને સમન્સ પાઠવીને ભારતનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આજે ભારતના વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મીડિયા બ્રીફિંગ દરમિયાન ભારતનું વલણ સ્પષ્ટ કરતા જણાવ્યું છે કે, અમે ઓમાનના દરિયાકાંઠે જહાજ પર થયેલા હુમલાની નિંદા કરીએ છીએ, જેમાં કમનસીબે આપણે ત્રણ ભારતીય નાગરિકો ગુમાવ્યા છે. અમે અમેરિકી ચાર્જ ડી અફેર્સને બોલાવીને વિરોધ નોંધાવ્યો છે. આ વિસ્તારમાં શિપિંગ પર થઈ રહેલા સતત હુમલાઓ ઊંડી ચિંતાનો વિષય છે અને તે આ પ્રદેશમાં ચાલી રહેલા સંઘર્ષનું સીધું પરિણામ છે. આ હુમલાઓ બંધ થવા જ જોઈએ. અમે સંવાદ અને ડિપ્લોમેસીની અપીલ કરીએ છીએ જેથી પ્રદેશમાં વહેલી તકે શાંતિ અને સ્થિરતા પાછી આવી શકે.

# કૈલાશ માનસરોવર યાત્રામાં ભારતીયોને નો એન્ટ્રીનો નિર્ણય

**(સંપૂર્ણ સમાચાર સેવા)**

**બેઈજીંગ, તા.૧૧ :** ચીન સરકારે જૂન-જુલાઈમાં ભારતીય નાગરિકોને કૈલાશ માનસરોવર યાત્રાની પરમીટ પર પાબંધી લગાવી લીધી છે. ડ્રેગનની અવળચંડાઈને લીધે શ્રદ્ધાળુઓ તિબેટ-ચાઈના બોર્ડર પર અટવાયાં છે. હવે માત્ર બિન નિવાસી ભારતીય (એનઆરઆઈ)ને જ કૈલાશ માન સરોવરની યાત્રા માટે મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. ટૂંકમાં, ડ્રેગને ભારતીય યાત્રાળુઓની આસ્થા પર ઘા કર્યો છે.

થોડાક દિવસો અગાઉ જ ચીન સરકારે ભારતીય શ્રદ્ધાળુઓ માટે કોમન કિચનનો નિયમ લાગુ કર્યો હતો. ધાર્મિક માન્યતા સાથે પ્રાદેશિક સ્વાદ જાળવવો મુશ્કેલ બન્યો હતો તેમ છતાં યાત્રાળુઓએ ચીન સરકારની મનમાની ચલાવી લીધી હતી. આ ઉપરાંત ચાઈના પ્રશાસન દ્વારા વિઝા આપવામાં જાણી જોઈને વિલંબ કરવામાં આવી રહ્યો છે, જેના કારણે હાલમાં ૩,૦૦૦થી વધુ ભારતીયોની પરમિટ પેન્ડિંગ પડી છે.

ચીન સરકારના કૈલાશ માન સરોવર યાત્રાને લઈને તઘલઘી નિર્ણયને લીધે શ્રદ્ધાળુઓની પરેશાની વધી છે. આ ઉપરાંત તિબેટ બોર્ડર પર જમાવડો સરહદ પર યાત્રાળુઓનો ભારે જમાવડો જોવા મળી રહ્યો છે. વિઝા અને પરમિટ ન મળવાના કારણે હજારો કિલોમીટર દૂરથી આવેલા ઘણાં યાત્રાળુઓને પવિત્ર યાત્રા કર્યા વિના જ ભારે હૈયે પરત ઘરવાપસી કરી રહ્યાં છે.

# પાકિસ્તાનને એક ટીપુંય પાણી નહીં મળે: ભારત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

ભારતે ફરી એકવાર સિંધુ જળ સંધિને લઈને પાકિસ્તાનને આકરો મેસેજ આપ્યો છે. ભારતે ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે, પાકિસ્તાન સિંધુ જળ સંધિ અંગે ભલે ગમે તેટલી ચિંતા વ્યક્ત કરે, પરંતુ ભારત પોતાના હિતોને પ્રાથમિકતા આપશે. પાકિસ્તાન ગમે તેટલો પ્રયાસ કરી લે તેને પાણીનું એક ટીપુંય નહીં મળે. કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલએ જણાવ્યું છે કે સિંધુ જળ સંધિ હાલ પણ સ્થગિત સ્થિતિમાં છે અને ભવિષ્યમાં ભારત એ દિશામાં આગળ વધી રહ્યું છે કે સિંધુ નદીનું પાણી દેશના વિકાસ માટે વધુ અસરકારક રીતે ઉપયોગમાં લઈ શકાય. પાકિસ્તાન સુધી પાણીનું એક ટીંપુ ન પહોંચવું જોઈએ તેની ખાતરી કરવામાં આવશે. એક પ્રશ્નના જવાબમાં પાટિલે જણાવ્યું કે પાણીના સંચાલન અને તેના વૈકલ્પિક ઉપયોગ અંગેની યોજનાઓની દેખરેખ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વ્યક્તિગત રીતે કરી રહ્યા છે. તેમણે કહ્યું કે વર્ષ ૧૯૬૦થી અમલમાં રહેલી સિંધુ જળ સંધિ હાલ સ્થગિત છે અને સરકાર આ મુદ્દે જરૂરી પગલાં લઈ રહી છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લેવાયેલા નિર્ણય બાદ સરકાર સતત પ્રયાસ કરી રહી છે કે ભારતના હક્કનું પાણી દેશના વિકાસ અને કૃષિ હિત માટે ઉપયોગમાં લેવાય.

# રાજ્યસભાની ૪ બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ

### ઈતિહાસમાં પ્રથમવાર રાજ્યસભા ગૃહ ગુજરાત કોંગ્રેસ મુક્ત બન્યું, તમામ ૧૧ બેઠકો ભાજપ પાસે

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૧૧ : BJP Gujarat: ગુજરાતના સંસદીય ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. ગુજરાત રાજ્યસભા ચૂંટણીમાં ભાજપના ચારેય ઉમેદવારો રાજુ શુક્લ, માનસિંહ પરમાર, જીતેન્દ્ર કણઝરીયા અને મુકેશ રાઠવા બિનહરીફ ચૂંટાયા છે. આજના દિવસે ફોર્મ પરત ખેંચવાની સમય મર્યાદા પૂર્ણ થતાં જ તમામ વિજેતાઓને સત્તાવાર વિજયનું પ્રમાણપત્ર એનાયત કરાયું છે. વિપક્ષે ઉમેદવાર ઊભા ન રાખતા આ તમામ નેતાઓ મતદાન વિના જ સીધા સાંસદ બન્યા છે. ભાજપના આ ચારેય દિગ્ગજ નેતાઓ હવે આગામી દિવસોમાં દિલ્હીમાં સંસદના ઉપલા ગૃહમાં ગુજરાતનું મજબૂત પ્રતિનિધિત્વ કરશે. કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હોમ સ્ટેટમાંથી કોંગ્રેસનો એકપણ સભ્ય ન હોય તેવું પ્રથમવાર બન્યું છે, જે જનતાના ભરોસાની જીત છે.

આ ઐતિહાસિક ઘટના સાથે જ હવે ૧૮ જૂને યોજાનારી રાજ્યસભાની ચૂંટણીની કોઈ જરુર રહેતી નથી. ગુજરાતના ઈતિહાસમાં આ પ્રથમ એવી ઘટના છે જ્યારે રાજ્યસભામાં કોંગ્રેસનો એકપણ સાંસદ નહીં હોય, અને રાજ્યની તમામ ૧૧ બેઠકો પર ભાજપનું એકહથ્થુ શાસન સ્થપાયું છે. આ જીતની સત્તાવાર જાહેરાત થતાં જ ગાંધીનગર ખાતે પક્ષના મુખ્ય કાર્યાલય અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ, આનંદ અને ખુશીનો માહોલ છવાયો હતો. તમામ વિજેતા ઉમેદવારોએ આ મહત્વની તક અને જીત બદલ પક્ષના કેન્દ્રીય અને પ્રદેશ શીર્ષ નેતૃત્વનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

ચૂંટણી પ્રક્રિયાની વિગતવાર વહીવટી વાત કરીએ તો, ગુજરાત વિધાનસભામાં ભાજપ પાસે એટલું પ્રચંડ સંખ્યાબળ છે કે વિરોધ પક્ષો પાસે જીતવાની કોઈ તક જ નહોતી. ૧૮૨ સભ્યોની ગુજરાત વિધાનસભામાં સત્તાધારી ભાજપ પાસે ૧૬૧ ધારાસભ્યોનું તોતિંગ બળ છે, જ્યારે કોંગ્રેસ પાસે માત્ર ૧૨ અને આમ આદમી પાર્ટી (AAP) પાસે ૫ ધારાસભ્યોનું સંખ્યાબળ છે. આ જ ગણિતને કારણે કોંગ્રેસ અને આપ (AAP) એ પોતાના ઉમેદવારો ન ઉતારવાનો વ્યવહારુ નિર્ણય લીધો હતો. માત્ર સત્તાધારી પક્ષ ભાજપના જ ૪ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્ર ભર્યા હતા. સ્ક્રુટિની એટલે કે ફોર્મ ચકાસણીની પ્રક્રિયામાં તમામ ફોર્મ કાયદાકીય રીતે યોગ્ય અને માન્ય ઠર્યા હતા. ત્યારબાદ આજે ફોર્મ ખેંચવાના અંતિમ દિવસે નક્કી કરેલો સમય પૂરો થતાં જ તમામ ૪ ઉમેદવારો ટેકનિકલી અને કાયદેસર રીતે વિજેતા બન્યા છે. આ સમગ્ર પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારનું મતદાન કરવાની જરૂર પડી નથી, જેના કારણે સરકારી તંત્રનો પણ મોટો સમય બચ્યો છે.

# ગુજરાતમાં ૧.૮૮ લાખ વાહનચાલકો પાસે રૂ. ૫.૨૧ કરોડનો દંડ વસૂલાયો

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા.૧૧ :** માર્ગ અકસ્માતોમાં કિંમતી જિંદગીઓ બચાવવા અને નાગરિકોમાં ટ્રાફિક સેન્સ કેળવવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યના ૧થી ૩૧ મે દરમિયાન એક મહિનાની વિશેષ હેલ્મેટ ડ્રાઇવ યોજવામાં આવી હતી.

સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર રાજ્યભરમાં યોજાયેલી આ ઝુંબેશમાં સરકારી અધિકારી કર્મચારીઓ સહિત કુલ ૧.૮૮ લાખથી વધુ વાહનચાલકો સામે દંડનીય કાર્યવાહી કરીને તેમની પાસેથી કુલ રૂ. ૫.૨૧ કરોડની રકમનો દંડ વસૂલવામાં આવ્યો છે. સરકારી કચેરીઓના પ્રવેશદ્વારે જ ટ્રાફિક પોલીસ તૈનાત કરીને નિયમભંગ કરનારા ૫,૧૨૩ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામે પણ દંડનીય કાર્યવાહી કરીને તેમની પાસેથી કુલ રૂ. ૧૬.૫૮ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે.

આ વિશેષ ઝુંબેશ અંગે રાજ્યના પોલીસ વડા જી.એસ.મલિકે જણાવ્યું કે, દંડ વસૂલવો એ ગુજરાત પોલીસનું લક્ષ્ય નથી, પરંતુ ગુજરાતના પ્રત્યેક નાગરિકની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. વાહનચાલકો અને પાછળ બેસનાર વ્યક્તિ માત્ર પોલીસના ડરથી કે દંડથી બચવા માટે નહીં, પરંતુ પોતાના પરિવારની ખુશીઓ માટે હેલ્મેટ અને સીટ બેલ્ટ અચૂક પહેરે. માર્ગ સુરક્ષા એ માત્ર પોલીસની જ નહીં, આપણા સૌની સામૂહિક જવાબદારી છે. રાજ્યના તમામ નાગરિકો ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરી જવાબદાર નાગરિક બને તેવી અપીલ કરું છું.

# રાજ્યમાં ચોમાસાનું કાઉન્ટડાઉન શરુ

**અમારા પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. ૧૧ :** રાજ્યમાં પ્રવર્તી રહેલા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને પગલે હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસમાં સામાન્ય વરસાદની આગાહી કરવાની સાથે વરસાદનું કાઉન્ટડાઉન શરૂ થઇ ગયું છે. આગામી ૧૩ જૂનથી રાજ્યમાં વિધિવત વરસાદી માહોલ જામવાની શક્યતા છે. હવે ૧૬ જૂન સુધીમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળશે. ત્યારે હવામાન નિષ્ણાતોએ ૨૩થી ૨૬ જૂનની વચ્ચે ગુજરાતમાં ચોમાસુ બેસવાની આગાહી કરી છે. જેમાં ૧૫ જૂન સુધીમાં વાવાઝોડુ અને ૧૬ જૂનના રોજ મૃગશિર્ષ નક્ષત્રનો વરસાદ વરસી શકે છે.

હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ દરમિયાન સુરત, નવસારી, વલસાડ, ડાંગ, દમણ તેમજ દાદરા અને નગર હવેલીમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારબાદ દક્ષિણ ગુજરાતના અન્ય જિલ્લાઓ તરફ આગળ વરસાદ વધે તેવી સંભાવના છે. સાથે જ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓમાં પણ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.


હવામાન નિષ્ણાત દ્વારા ચોમાસાના પ્રારંભિક તબક્કામાં વાવાઝોડા અને ભારે પવન સાથે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તેઓ જણાવે છે કે ૧૫ જૂન સુધીમાં રાજ્યના કેટલાક ભાગોમાં ભારે પવન અને વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ શકે છે. ત્યારબાદ, ૧૬ જૂન સુધીમાં મૃગશીર્ષ નક્ષત્રનો વરસાદ બેસી જશે. ચોમાસાની શરૂઆતમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને દક્ષિણ સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સારો એવો વરસાદ પડવાની સંભાવના છે, જેનાથી ખેડૂતો અને સ્થાનિક લોકોને મોટી રાહત મળશે.

# ગુજરાતના ૪ રિજનલ સાયન્સ સેન્ટરોમાં ૪ વર્ષમાં ૨૫ લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી

● પાટણ રિજનલ સાયન્સ સેન્ટર : ઉત્તર ગુજરાતમાં વૈજ્ઞાનિક ક્રાંતિનું એપીસેન્ટર ● ભૂજ રિજનલ સાયન્સ સેન્ટર : સરહદી જિલ્લામાં પ્રજ્વલિત વિજ્ઞાનની જ્યોત ● ભાવનગર રિજનલ સાયન્સ સેન્ટર : સોલાર પ્લાન્ટ, ઝીરો વોટર વેસ્ટ સાથેનું ગ્રીન કેમ્પસ ● રાજકોટ રિજનલ સાયન્સ સેન્ટર : ઓગમેન્ટેડ રિયાલિટી, વર્ચ્યૂઅલ રિયાલિટી, હૉલોગ્રામ અને સિમ્યુલેશન ઝોન જેવી નેક્સ્ટ જેન ટૅકનોનોજીનું શિક્ષણ





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એન.ડી.એ. સરકારે ૧૨ વર્ષ પૂર્ણ કર્યા. આ ૧૨ વર્ષમાં ગુજરાતે વિજ્ઞાન અને ટૅકનોલોજીક્ષેત્ર નવી ઉંચાઈઓ આંબી છે. રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષમાં વિજ્ઞાના પ્રસાર અને જનમાનસમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસિત કરવા માટે ૪ જેટલા રિજનલ સાયન્સ સૅન્ટરની સ્થાપના કરવામાં આવી છે, જેની ૨૫.૬૪ લાખથી વધુ વિજ્ઞાનપ્રેમીઓએ મુલાકાત લીધી છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી - GUJCOST દ્વારા રાજ્યમાં શરૂ કરવામાં આવેલા રિજનલ સાયન્સ સૅન્ટર જાણે મુલાકાતીઓ માટે જીવંત-પ્રયોગશાળા બની રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં પાટણ, સૌરાષ્ટ્રમાં રાજકોટ, ભાવનગર અને કચ્છમાં શરૂ થયેલા રિજનલ સાયન્સ સૅન્ટર વિવિધ પ્રદેશના નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં વિજ્ઞાનપ્રેમીઓની જિજ્ઞાસાને સંતોષી રહ્યા છે. રિજનલ સાયન્સ સૅન્ટર, પાટણે ઉત્તર ગુજરાતમાં વૈજ્ઞાનિક ક્રાંતિનું એપીસેન્ટર ગુજરાતનાં સ્થાપના દિવસ તા. ૧ મે નિમિત્તે વર્ષ ૨૦૨૨ના રોજ પાટણ સાયન્સ સૅન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું. ઉત્તર ગુજરાતના ગ્રામીણ અને શહેરી વિસ્તારોના નાગરિકોમાં આ કેન્દ્રએ અનોખું આકર્ષણ જમાવ્યું છે. ઉત્તર ગુજરાતમાં શિક્ષણના કેન્દ્ર તરીકે ઓળખાતા પાટણ ખાતે આવેલા સાયન્સ સૅન્ટરની અત્યાર સુધીમાં અંદાજે ૧૪.૮૬ લાખથી વધુ વિજ્ઞાનપ્રેમીઓએ મુલાકાત લીધી. આ રિજનલ સૅન્ટરે ૨૭૦૦થી વધુ શાળાઓને સાંકળી ૭ લાખથી વધુ વિદ્યાર્થી-નાગરિકોને વિજ્ઞાન-અભિમુખ બનાવવામાં ચાવીરૂપ ભૂમીકા ભજવી છે. નોંધપાત્ર બાબત એ છે કે, આ સૅન્ટરે વિજ્ઞાન ગ્રામ સભા જેવી પહેલ થકી ગ્રામીણ ક્ષેત્રોમાં મહિલાઓ, ખેડૂતો અને દિવ્યાંગો માટે વિશેષ કાર્યક્રમ આયોજિત કરી વિજ્ઞાનને સર્વસમાવેશક બનાવ્યું છે. આ સૅન્ટર અંગે પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરતા એન.એચ.એમ, ગાંધીનગરના તત્કાલિન મિશન ડાયરેક્ટર જે.સી.પંડ્યા કહે છે. પાટણ રિજનલ સાયન્સ સૅન્ટર તેની અદભૂત માહિતીપ્રદ ગેલેરી થકી વિજ્ઞાનપ્રેમીઓને ઉત્તમ અનુભવ આપી રહ્યું છે. વર્ષ ૨૦૨૫માં નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ વિજેતા આ સૅન્ટરમાં ૨૦૦ કિલોવોટનો સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવામાં કરી ટકાઉ વિકાસ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરી છે.

પાટણ રિજનલ સાયન્સ સૅન્ટર - બન્યું વિજ્ઞાનનું ઉદ્દીપક

- ૮૯૦થી વધુ વર્કશોપ
- ૫૭૯વૈજ્ઞાનિકવ્યાખ્યાન-માળા
- ૧,૯૦૦થી વધુ વિજ્ઞાન-શો
- ડીએનએ, રોબોટિકસ્, હાઈડ્રોપોનિક્સ, મેટાટ્રોનિક્સના હેન્ડ્સઓન અભ્યાસક્રમ

ભૂજ રિજનલ સાયન્સ સૅન્ટર સરહદ સુધી પહોંચી વિજ્ઞાનની જ્યોત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ લોકાર્પણ થયું. ભુજીયા ડુંગરની તળેટીમાં વસેલું આ કેન્દ્રની મુલાકાત ૧,૧૦૦થી વધુ શાળાઓના ૧.૩૭ લાખથી વધુ વિદ્યાર્થીઓ લઈ ચૂક્યા છે. આજદિન સુધી અંદાજે ૨.૫૭ લાખથી વધુ દેશ-વિદેશના નાગરિકોએ મુલાકાત લીધી છે, જેમાં નાઈજેરિયા, ઓસ્ટ્રેલિયા, યુકે, યુએસએ અને સાઉદી અરેબિયા જેવા દેશોના પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. અહી ૬ અદભુત ગેલેરીઓ, 3D મૂવી, મરીન અને સબમરીન સિમ્યુલેટર આવેલું છે. આ સૅન્ટર બાળકો માટે પણ પ્રવૃત્તિઓ ચલાવે છે. અહીં સમર વર્કશોપમાં ૨,૫૦૦થી વધુ બાળકોને ફન વિથ ફિઝિક્સ, એસ્ટ્રોનોમી, મેન્ટલ મેથ્સ અને ઓરિગામીનો પરિચય કેળવવાની તક પૂરી પાડવામાં આવી. તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અહિયાં ભારતની સૌથી મોટી પબ્લિક સ્પેસ ઓબ્ઝર્વેટરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું, જ્યાં ૨૪ ઈંચ ટેલિસ્કોપ દ્વારા અત્યાર સુધીમાં ૩,૫૦૦થી વધુ નાગરિકોએ અવકાશના રહસ્યોનો તાગ મેળવવાનો પ્રયાસ કર્યો છે.

રિજનલ સાયન્સ સૅન્ટર, ભાવનગર સૌરાષ્ટ્રમાં અનુભવ આધારિત શિક્ષણનું ગ્રીન મોડલ

તા. ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ ભાવનગર ખાતે શરૂ થયેલું રિજનલ સાયન્સ સૅન્ટર ૨૦ એકરમાં વિસ્તરેલું છે. અત્યાર સુધી અંદાજે ૨.૯૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ-નાગરિકો આ સૅન્ટરની મુલાકાત લઈ ચૂક્યા છે.

અહીં મરીન, ઑટોમૉબાઈલ, બાયોલૉજી, ઈલેક્ટ્રો-મિકેનિક્સ અને નોબેલ પ્રાઈઝની થીમ પર આધારિત પાંચ ગેલેરીઓ ઉપલબ્ધ છે. વિજ્ઞાનપ્રેમી પરેશ આર. સરવૈયાના મતે અહીં વિવિધ ગેલેરીની જાળવણી ખૂબ સરસ રીતે કરવામાં આવે છે અને સ્ટાફ પણ સારૂ માર્ગદર્શન આપે છે.

આ ગેલેરીઓમાં 9D વર્ચ્યુઅલ રિયાલિટી સિમ્યુલેટર, વિશાળ એક્વેરિયમ, પીઝો ઈલેક્ટ્રિક ફ્લોર અને ઈન્ટરેક્ટિવ પઝલ ઝોન આવેલા છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને અનુરૂપ STEM, AI, રોબોટિક્સ અને શિક્ષક-તાલીમ આપતું આ કેન્દ્ર ૧૦૦ kW સોલાર પ્લાન્ટ અને ઝીરો વોટર વેસ્ટ સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત ગ્રીન કેમ્પસનું બિરુદ પ્રાપ્ત કરી ચૂક્યું છે.

રાજકોટ રિજિનલ સાયન્સ સેન્ટરૈ ઈનોવેશન અને ફ્યુચરિસ્ટિક ટેક્નોલોજીનું હબ તા. ૧૯ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ લોકાર્પણ કરવામાં આવેલા રાજકોટ રિજનલ સૅન્ટર હાઉ સ્ટફ વર્ક્સ, રોબોટિક્સ, મશીન એન્જિનિયરિંગ, ગ્લાસ એન્ડ સિરામિક, નોબેલ પ્રાઈઝ અને લાઈફ સાયન્સ જેવી ૬ થીમ આધારિત ગેલેરી ધરાવે છે.

લગભગ ૧.૬૭ લાખથી વધુ વિદ્યાર્થીઓએ અને અંદાજે ૩.૬૪ લાખથી વધુ મુલાકાતીઓ અહીં વિજ્ઞાન-જગતના રહસ્યો જાણ્યા-માણ્યા છે. કેમ્પસ ખાતે ઓગમેન્ટેડ રિયાલિટી (AR), વર્ચ્યુઅલ રિયાલિટી (VR), હોલોગ્રામ અને સિમ્યુલેશન ઝોન દ્વારા બાળકોને ડ્રોન ટેક્નોલોજી અને STEM વર્કશોપ જેવી નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજીનું શિક્ષણ આપવામાં આવે છે.

આમ, વડાપ્રધાનના ૧૨ વર્ષના રાષ્ટ્રીય નેતૃત્વની સફર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી અર્જુન મોઢવાડિયાના નેતૃત્વમાં ગુજરાત જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં નિરંતર પ્રગતિ કરી રહ્યું છે.

**-જીગર બારોટ**

## વલસાડ જિલ્લામાં ધો.૧૦-૧૨ની પૂરક પરીક્ષા શાંતિપૂર્ણ રીતે સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** શિક્ષણ બોર્ડ દ્વારા વલસાડ જિલ્લામાં આજરોજ ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પૂરક પરીક્ષા જિલ્લાના ૧૫ કેન્દ્રોમાં લેવાતા જેમાં ધોરણ ૧૦માં કુલ ૪,૩૪૫ વિદ્યાર્થીઓમાંથી ૩,૦૫૫ હાજર, જ્યારે ૧,૨૯૦ વિદ્યાર્થી ગેરહાજર રહ્યા હતાં. તો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૬૯૩ વિદ્યાર્થીઓમાંથી ૫૫૪ વિદ્યાર્થીઓ હાજર ૧૩૯ વિદ્યાર્થીઓ ગેરહાજર ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ના ભૌતિક વિજ્ઞાનમાં ૧૭૧૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતાં.

ગત માર્ચ મહિનામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષામાં નપાસ થયા હતા જે વિદ્યાર્થીઓ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ સમગ્ર રાજ્યની સાથે વલસાડ જિલ્લામાં પણ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પૂરક પરીક્ષાનો પ્રારંભ થયો છે. જિલ્લાના ૧૫ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. ધોરણ ૧૦ની પૂરક પરીક્ષામાં ૪,૭૭૦ વિદ્યાર્થીઓ નોંધાયા જેમાં પ્રથમ દિવસે ધોરણ ૧૦ ગણિત વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. બેઝિક મેથ્સમાં ૪૩૪૫ વિદ્યાર્થીઓમાંથી ૩,૦૫૫ વિદ્યાર્થીઓ હાજર રહ્યા અને ૧૨૯૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતાં. જ્યારે સ્ટાન્ડર્ડ મેથ્સમાં ૧૦૬ વિદ્યાર્થીઓમાંથી ૭૬ વિદ્યાર્થીઓ હાજર અને ૩૦ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતાં. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આંકડાશાસ્ત્ર ના વિષયમાં કુલ ૬૯૩ વિદ્યાર્થીઓમાંથી ૫૫૪ હાજર રહ્યા હતાં.


**CHANGE OF NAME**

I SHAMSIR NURMAMOD CALIFA HAVE CORRECTION MY MOTHER NAME FOLLOWING OLD NAME CHANBIBI NURMAMOD CALIFA NEW NAME CHANDBIBI NURMAMOD CALIFA ADD. HO.NO.3/26 MASJID FALIA KHARAWAD NANI DAMAN 396210

**CHANGE OF NAME**

I RUMANABANU NURMAMOD CALIFA HAVE CORRECTION MY MOTHER NAME FOLLOWING OLD NAME CHANBIBI NURMAMOD CALIFA NEW NAME CHANDBIBI NURMAMOD CALIFA ADD.HO.NO.3/26 MASJID FALIA KHARAWAD NANI DAMAN 396210


## દેસરા તળાવ પાસે યુવતિ અને તેના મિત્ર પર ચાર ઈસમનો હુમલો

**બીલીમોરા, તા. ૧૧ :** શહેરમાં જાહેરમાં દાદાગીરી અને આતંક મચાવી સામાન્ય નાગરિકોની શાંતિ હણનારા અસામાજિક તત્ત્વો સામે સ્થાનિક જનતામાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. કાયદો અને વ્યવસ્થાનો સરેઆમ ભંગ કરી ભયનું વાતાવરણ ઊભું કરનારા આવા માથાભારે શખ્સો સામે બીલીમોરા પોલીસ વિભાગ દ્વારા કોઈ પણ જાતની રહેમદિલી રાખ્યા વિના કડકમાં કડક અને દાખલારૂપ કાનૂની પગલાં લેવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી રહી છે. નિર્દોષ નાગરિકોને ડરાવી-ધમકાવીને પોતાની આડોડાઈ ચલાવતા આવા અસામાજિક તત્ત્વો સામે જો અત્યારે જ પાસા કે તડીપાર જેવા કડક શસ્ત્રો ઉગામવામાં નહીં આવે તો ગુનાખોરી બેફામ બનશે તેવી ભીતિ પણ લોકમુખે ચર્ચાઈ રહી છે.

## સેલવાસમાં વક્ફ બોર્ડની બેઠક યોજાઈ




**દમણ, તા.૧૧ :** કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ વકફ બોર્ડે ગુરુવારે સિલ્વાસામાં વકફ બોર્ડમાં નોંધાયેલા સંગઠનોના પ્રતિનિધિઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

રાજ્ય વકફ બોર્ડના સભ્યો માજિદ લધાની, રેહાન કાસમાની, ફિરદોસ બેન અને યાસ્મીનબેન શેખ આ બેઠકમાં હાજર રહ્યા હતાં. તેમણે દાદરા અને નગર હવેલી ક્ષેત્રમાં વકફ-રજિસ્ટર્ડ સંસ્થાઓના પ્રતિનિધિઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું અને વકફ કાયદાની વિવિધ જોગવાઈઓ, નિયમો અને વહીવટી પ્રક્રિયાઓ વિશે વિગતવાર માહિતી શેર કરી. બેઠક દરમિયાન, સંસ્થાઓના પ્રતિનિધિઓએ પણ તેમના સૂચનો અને પ્રશ્નો રજૂ કર્યા, જેનો બોર્ડ સભ્યો દ્વારા ઉકેલ લાવવામાં આવ્યો. વકફ મિલકતોના વધુ સારા સંચાલન, જાળવણી અને નિયમિત સંચાલનના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી. કાર્યક્રમનું સંચાલન શબ્બીર ભાઈ સૂર્યાએ કર્યું હતું. બેઠકમાં વિસ્તારની વિવિધ વકફ સંસ્થાઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME AFTAB ABDUL TO NEW NAME AFTAB ABDUL TAMBOLI AS PER DOCUMENTS


## નામધામાં રેકર્ડ સાથે ચેડા કરી જમીન પચાવી પાડવાના પ્રકરણમાં મામલતદારે ફરિયાદ નોંધાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી નજીકના નામધા ગામે આવેલ એક હેક્ટર ૮૯.૧૯ મીટર જમીન પચાવી પાડવા માટે ખોટા પુરાવા ઉભા કરી રેકર્ડમાં નોંધ કરાવી વેચી મારતા મૂડ માલિકને જાણ થતાં જ તેઓએ કલેક્ટરમાં ફરિયાદ કરતા સમગ્ર પકરણ બહાર આવ્યું છે. જેને લઈ વાપીના મામલતદાર કાંતિભાઈ દ્વારા પારડી સરોધીના શાંતાબેન પટેલ અને વિજય પટેલ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ કરાય છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ વાપીના નામધા ગામે આવેલ જુનો સર્વે નંબર ૧૨૮ ની જેનું ક્ષેત્રફળ ૧.૮૯.૧૯ ચોરસ મીટર જમીન શાંતાબેન છીબુભાઈ પટેલ અને વિજય છીબુભાઈ પટેલ રહે સરોધી તાલુકો પારડીનાએ એકબીજાના મેળાપીપણામાં ખોટા રેવન્યુ રેકોર્ડમાં સાતબારનું બન્યું ઉપલબ્ધ ન હોય તેમ છતાં ખોટા હસ્તલિખિત સાતબાર ઉપસ્થિત કરી પાનિયુંખોટું બનાવી ખરા તરીકે ઉપયોગ કરી પોતાનું નામ રેવન્યુ રેકર્ડ ઉપર દાખલ કરાવી આ જમીન વિજય છીબુ પટેલને વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી આપવામાં આવ્યું હતું. પરંતુ આ જમીનના મૂળ માલિક જુનો સર્વે નંબર ૧૨૮ અને હાલનો નવો સર્વે નંબર ૧૫૧/૧ જે સુભાષ નગીનભાઈ શાહ રાજેન્દ્ર નગીનભાઈ શાહ દેવેન્દ્ર નગીનભાઈ શાહ મધુ અશોક શાહ મનીષ અશોક શાહ કાર્તિક અશોક શાહ અને કિન્નરી અશોક શાહના નામે હતી. પરંતુ આ જમીન ના રેવન્યુ રેકોર્ડમાં એટલે કે સાતબારની નકલનું સરકારી ચોપડે ન હોવાનું જણાવતા પારડી તાલુકાના રોહિણા ગામના આ બંને એટલે કે શાંતાબેન છીબુભાઈ પટેલ અને વિજય છીબુભાઈ પટેલના એ એકબીજાના મેળાપીપણામાં ખોટા સરકારી પુરાવા ઊભા કરી પોતાના નામે કરી વેચાણ કરી લીધી હતી. તેવી જાણ આ જમીનના મૂળ માલિકના વારસદાર કુંજલ સુભાષભાઈ શાહને થતાં તેઓએ આ અંગેની જાણ વલસાડ કલેકટરનાઓને આ જમીન અંગે અરજી કરવામાં આવી હતી અને અરજીની તપાસ જમીન તકેદારી સમિતિ વલસાડ ખાતે થતાં વલસાડ કલેક્ટરના ૧૯-૫-૨૦૨૫ના પત્રથી મામલતદાર વાપીના તા.૪-૬-૨૦૦૦ના રોજના હુકમ સામે સુવોમોટો રિવિઝન દાખલ કરવા નાયબ કલેકટર પારડીને જણાવતા નાયબ કલેકટર પારડીનાએ તા. ૨૯-૯-૨૦૨૫ના રોજ કરેલ હુકમથી મામલતદાર વાપીનો ૪-૬-૨૦૧૮નો હુકમ રદ કરવામાં આવેલ છે અને વલસાડ જિલ્લા કલેકટરના પત્રાથી તા.૧૯-૧-૨૦૨૬ની કાર્યવાહી નોંધ મુજબ વિજય પટેલ દ્વારા જુના સર્વે નંબર ૧૨૮ પૈકીના સરકારી રેકોર્ડમાં ઉપલબ્ધ ન હોય તેવા ખોટા આધાર પુરાવા રજૂ કરી આ જમીનનું કોમ્પ્યુટરરાઈઝ ખોટું ઉપસ્થિત કરાવી છેતરપિંડી કરવામાં આવ્યો હોવાનું જણાવતા વાપીના મામલતદાર કાંતિભાઈ પુનાભાઈ કાતરીયા દ્વારા વિજય શિપુ પટેલ સામે ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેથી આ કામના આરોપી શાંતાબેન પટેલ, વિજય શિબુભાઈ પટેલ બંને રહે સરોધી તાલુકા પારડી જિલ્લા વલસાડનાઓ ભેગા મળી એકબીજાના મેળાપડામાં પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચી જમીન પચાવી પાડવાની પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.


**CHANGE OF NAME**

OLD NAME :- KAMLIBEN VESTABHAI PATEL NEW NAME :- KAMRIBEN KANJIBHAI PATEL ADDRESS :- 137/1, MOR FALIA, MAGARWADA, MOTI DAMAN, DAMAN. 396220


## વાપીના ચલાથી રૂા.૩.૩૮ લાખના દારૂ સાથે એક ઝડપાયો

**વાપી, તા.૧૧ :** સ્થાનિક ગુના શાખાએ વાપીમાં રૂા.૩,૩૮૦૦૦ની કિંમતનો વિદેશી દારૂ અને એક મોપેડ જપ્ત કરી હતી. ચલા કેવડી ફળિયા ક્રિકેટ ગ્રાઉન્ડ નજીક ઝાડીઓમાં છુપાયેલી ભારતીય બનાવટની વિદેશી વ્હિસ્કી અને બીયરની કુલ ૧,૨૨૦ બોટલ/ટીન (૨૭૭.૦૮૦ લિટર) મળી આવ્યો હતો. આ દારૂના જથ્થા સાથે અરુણ ગજાનંદ ડોંગરે નામના એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી અને આ દારૂ મૂકી જનારા શુભમ શિવાનંદ ગુપ્તા રહે ડાભેલ કેવડી ફળિયાં દમણને વોન્ટેડ જાહેર કરી વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.

### જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે ગામ ગલોન્ડા, દાદરા અને નગર હવેલી ખાતે આવેલ ખેતીની જમીન મૂળ સર્વે નં.૪૬૩/૧ ક્ષેત્રફળ ૩.૦૬ આરે તથા સર્વે નં. ૪૬/૨ ક્ષેત્રફળ ૦.૭૦ આરે. કુલ ક્ષેત્રફળ ૩.૭૬ આરે સબંધિત અને હાલમાં લાગુ પડતા મહેસૂલી રેકોર્ડ તથા એન્ટ્રીઓ મુજબ નોંધાયેલ મિલ્કત અંગેનો મૂળ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ (સાલે ડીદ) સિરિયલ નં.૨૧૧૨, તા.૨૪/૦૬/૨૦૧૪ રજીસ્ટર્ડ નં.૧૯૫૦ તા.૨૭/૦૬/૨૦૧૪ જે સબ-રજીસ્ટ્રાર કચેરી, દાદરા અને નગર હવેલી સિલ્વાસા ખાતે નોંધાયેલ છે અને જે સ્વ. શ્રી કિરણરાજ એફ. શાહ, શ્રીમતી સંગીતાબેન કે. શાહ, શ્રી ભરતકુમાર એમ. શાહ તથા શ્રીમતી લલિતાબન બી. શાહના નામે છે. તે મૂળ દસ્તાવેજ હાલ મળતો નથી અને ગુમ થયેલ અથવા ખોવાઈ ગયેલ હોવાનું માનવામાં આવે છે.

આથી વધુમાં જણાવવામાં આવે છે કે સ્વ. શ્રી કિરણરાજ એફ. શાહના અવસાન બાદ કાનૂની વારસદારો પરિવારજનો તથા સહ-માલિકો દ્વારા મિલ્કતના ટાઈટલ રેકોર્ડ તથા દસ્તાવેજોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તમામ સબંધિત વ્યક્તિઓ સાથે જરૂરી પુછપરછ, તપાસ, શોધખોળ અને ચકાસણી કરવા છતાં ઉપરોક્ત મૂળ વેચાણ દસ્તાવેજ મળી આવેલ નથી. સમયગાળાના અંતર તથા સહ-માલિક પૈકી એકના અવસાનને કારણે મૂળ વેચાણ દસ્તાવેજની ચોક્કસ કસ્ટડી કોની પાસે હતી તે હાલ નિશ્ચિતપણ જાણી શકાય તેમ નથી. તમામ સદ્ભાવનાપૂર્વકના અને યોગ્ય પ્રયત્નો છતાં મૂળ દસ્તાવેજ આજદિન સુધી મળેલ નથી.

આથી કોઈપણ વ્યક્તિ, બેંક, નાણાંકીય સંસ્થા, સત્તાધિકારી, કોર્પોરેટ સંસ્થા અથવા અન્ય કોઈ એકમ કે વ્યક્તિ પાસે ઉપરોક્ત મૂળ વેચાણ દસ્તાવેજની કસ્ટડી અથવા કબ્જો હોય, અથવા ઉપરોક્ત દસ્તાવેજ અને/અથવા સબંધિત મિલ્કત અંગે કોઈપણ પ્રકારનો હક, માલિ, હિત, ભાગ, ચાર્જ, લિયન, ગીરો, બીજો, વાંધો, દાવો અથવા અન્ય કોઈ હિત ધરાવતી હોય, તો તેઓએ આ નોટિસના પ્રકાશનની તારીખથી ૧૫ (પંદર) દિવસની અંદર જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનાર વકીલને લેખિતમાં જાણ કરવી.

જો ઉપરોક્ત સમયમર્યાદામાં કોઈ રજૂઆત કરવામાં નહી આવે તો એવું માનવામાં આવશે કે ઉપરોક્ત મૂળ વેચાણ દસ્તાવેજ અને/અથવા સબંધિત મિલ્કત અંગે કોઈપણ વ્યક્તિનો કોઈ હક, દાવો, હિત અથવા વાંધો નતી અને ત્યારબાદ પ્રમાણિત નકલ મેળવવા, ટાઈટલ રેકોર્ડનું પુનઃનિર્માણ કરવા તથા અન્ય જરૂરી કાનુની કાર્યવાહી કોઈપણ વ્યક્તિને વધુ જાણ કર્યા વિના હાથ ધરવામાં આવશે.

સહી/-
એડવોકેટ
શાઈસ્તા સૈયદ
મો.૭૨૨૭૯૪૬૭૧૨

**સ્થળ : સિલ્વાસા**
**તારીખ : ૧૧/૦૬/૨૦૨૬**
**શ્રી ભાવેશ કિરણરાજ શાહ,**
**સ્વ. શ્રી કિરણરાજ એફ. શાહના કાનૂની વારસદાર વતી**

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૨૭૮/૨૦૨૫

**અરજદાર :-** **કમલભાઈ રમેશચંદ્ર દેસાઈ**
રહે. પલ ૧૬, કૃષ્ણ પાર્ક સાનિયા હેમદ ચોરાસી સુરત, આર.કે. રોડ તા. સારોલી જી. સુરત

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી સરોધી
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **કમલભાઈ રમેશચંદ્ર દેસાઈ**, રહે. પલ ૧૬, કૃષ્ણ પાર્ક સાનિયા હેમદ ચોરાસી સુરત, આર.કે. રોડ તા. સારોલી જી. સુરતનાએ તેઓના પિતા **રમેશચંદ્ર જીવણજી દેસાઈ**નું મરણ તા.૦૧/૦૭/૨૦૨૧ ના રોજ મોજે- સરોધી તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૨૭૮-૨૦૨૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

### પ્રાંત અધિકારી અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, ચીખલી

**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી ફો.નં.૦૨૬૩૪-૨૩૩૫૪૪**
**ઈ-મેઈલ - pochikhli2011@gmail.com**

**નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૩૦૭/૨૦૨૬**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલી કચેરી**
**તાલુકા સેવા સદન, બીજો માળ, ચીખલી**
**જી.નવસારી, તા.૮/૬/૨૦૨૬**

**વાદી : શ્રી જગુભાઈ ભીખાભાઈ પટેલ,**
**રહે.** વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારી

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, વાંઝણા, તા.ચીખલી, જીલ્લો નવસારી**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મ/મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, વાદીએ જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જગુભાઈ ભીખાભાઈ પટેલ**, રહે. વાંઝણા, ધોડીયાવાડ, તા.ચીખલી, જી.નવસારીનાઓએ તેઓના પિતાના કાકા **સ્વ. મીઠ્ઠલભાઈ બાપુડીઆભાઈ પટેલ**નું મરણ તા.૦૩/૦૧/૧૯૬૮ના રોજ મોજે. વાંઝણા, તા.ચીખલી, જી.નવસારી ખાતે થયેલ અને તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. જેથી અત્રેની કોર્ટમાં અરજ દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ચીખલી, પ્રાંત કચેરી ચીખલી, જી.નવસારીની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

કોર્ટનો સિક્કો

સહિ/-
(મિતેશ પટેલ)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ચીખલી

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.નં.૧૩૬૬/૨૦૨૬

**અરજદાર : મુનાવર ફારુક મીરાજવાલા**
**રહે.** ૩/૧૭૪, ગેલેક્ષી પાછળ મુકુંદ ને.હા.૮ પારનેરા તા.જી.વલસાડ,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મુનાવર ફારુક મીરાજવાલા,** રહે.૩/૧૭૪, ગેલેક્ષી પાછળ મુકુંદ ને.હા.૮ પારનેરા, તા.જી.વલસાડએ તેમના પોતે **મુનાવર ફારુક મીરાજવાલાનો** જન્મ તા.૩૧-૦૭-૧૯૮૯ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૬૬/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.નં.૧૩૬૪/૨૦૨૬

**અરજદાર : મુઝફફર ફારુક મિરાજવાલા**
**રહે.** ૩/૧૭૪, ગેલેક્ષી પાછળ મુકુંદ ને.હા.૮ પારનેરા તા.જી.વલસાડ,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મુઝફફર ફારુક મિરાજવાલા,** રહે.૩/૧૭૪, ગેલેક્ષી પાછળ મુકુંદ ને.હા.૮ પારનેરા, તા.જી.વલસાડએ તેમના પોતે **મુઝફફર ફારુક મિરાજવાલાનો** જન્મ તા.૦૬-૦૭-૧૯૮૬ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૬૪/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.નં.૧૨૫૯/૨૦૨૬

**અરજદાર : શેખ શાદાબ અબ્દુલશરીફ**
**રહે.** પ્લોટ નં.એ-૮૭, મસ્જીદ સામે ઉર્વીનગર સોનાદર્શન પાછળ પારનેરા તા.જી.વલસાડ તા.જી.વલસાડ,

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩ (૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **શેખ શાદાબ અબ્દુલશરીફ,** રહે.પ્લોટ નં.એ-૮૭, મસ્જીદ સામે ઉર્વીનગર સોનાદર્શન પાછળ પારનેરા, તા.જી.વલસાડએ તેમના પોતે **શેખ શાદાબ અબ્દુલશરીફનો** જન્મ તા.૨૧-૦૬-૨૦૦૪ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૦/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૩૬૪/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

**No.MAM/SIL/RTS/RBD-DNH/128/Birth/2026/2660 Dated: 20/05/2026.**

**APPLICANT- Darkuben Magaji Bagat,**
**Presently residing at- H.No.3/1, Kharadpada, Silvassa, DNH.**
**Mo. 9624286895**

**V/S**

**OPPONENTS- The Registrar of Births & Deaths, Sayli.**

**NOTICE**

The public to take note that the above, named applicant Darkuben Magaji Bagat, who was born on 28/03/1980 at Bhoyapada, Sayli, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Sayli. Hence, the applicant has moved on application to pass an order to register birth of Darkuben Magaji Bagat. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

**Department of Higher & Technical Education, DNH &DD**

**Admission Notice of Government Industrial Training Institute under U.T. Administration of Dadra & Nagar Haveli and Daman & Diu for the academic year 2026-27.**

**Starting date:10/06/2026**
**Ending date: 10/07/2026**

www.ddd.gov.in
www.dhtednhdd.in

ID No. 3/52/ITI/DMN/TRG/Vol.III/71
Dated: 10/06/2026

NO.: IP/DMN/2/5/2026-27/239 DATED : 11/06/2026

**राष्ट्रीय फैशन प्रौद्योगिकी संस्थान, दमन**
(वस्त्र मंत्रालय, भारत सरकार)
**National Institute of Fashion Technology, Daman**
(Ministry of Textile, Government of India)

NIFT Campus, Block 5 & 6, Govt. Engineering College Campus, Mota Falia, Varkund, Nani Daman, Daman - 396210

ADVT NO- 19052(02 26)/NIFT-DMN/Estt/Group- A/ Short term Contract/2025

**अल्पकालिक संविदा आधार पर भर्ती /Recruitment on Short Term Contract Basis**

NIFT Daman invites applications for the different post of Group- A & B on Short term Contract Period of Six month. Last Date for Submission of Application: 26.06.2026 at 05.00 PM The details are as below: -

| S. No | Name of Post | No of post |
|---|---|---|
| 1 | Assistant Professor | 09 |
| 2 | Computer Engineer | 01 |
| 3 | Junior Engineer – Electrical | 01 |
| 4 | Resource Assistant (Material) | 01 |

For detailed information regarding eligibility criteria, qualifications, and application process, please visit our website https://www.nift.ac.in/daman.

Sd/-
निदेशक, निफ्ट दमन /
Director, NIFT Daman










**ભારત મારબલ વોટરપ્રુફીંગ**

**વાંચશો તો જાણશો ને?**

ખુશખબર... ખુશખબર...

શુ તમારું ધાબુ લીક થાય છે ???

શુ તમારા ધાબામાંથી પાણી ટપકે છે? તદ આના માટે ભારત મારબલ નવી ટેકનીક લઈને આવ્યા છે.

દર વર્ષની વોરંટી સાથે ધાબાનું લીકેજ બંધ કરી દેવામાં આવશે.

ઉપરાંત દશ વર્ષની લેખીત વોરંટી આપવામાં આવશે.

પધ્ધતિસર ધારા પર ઈટાલીયન માર્બલ પેસ્ટ કરી આપવામાં આવશે

અમારી કામ કરવાની પદ્ધતિ

- ધાબુ વોશ કરી એના પર પીછી કેમીકલ લગાડવામાં આવે છે
- પીછી લાગ્યા પછી પ્લાસ્ટર ઉપર ૩ થી ૪ એમએમ માલ ચડાવવામાં આવે છે
- ત્યારબાદ કેમીક

હવે શું વિચારો છો ? આજે જ સંપર્ક કરો : નોંધ એડવાન્સ બુકીંગ ચાલુ છે એક જ કોલ કરો, માણસ વિઝીટ માટે આવી જશે. વીઝીટનો કોઈ ચાર્જ નથી

ચંદન મેહરા મો. ૯૭૨૫૨૧૪૮૧૪



Friday 12, June 2026

# દમણગંગા ટાઈમ્સ



**દમણગંગા ટાઈમ્સ**

ઈ-પેપર ડાઉનલોડ કરવા માટે નીચે આપેલી વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com


**મોઘવારીના વિરોધમાં અનોખુ પ્રદર્શન**

## ધરમપુરમાં કોંગ્રેસે બળદગાડામાં બાઈક મુકી રેલી કાઢી, પ્રાંતને આવેદન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૧ :** ધરમપુર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વધતી જતી મોંઘવારી, પેટ્રોલ-ડીઝલ, ગેસ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવવધારા સામે વિરોધ નોંધાવી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલની આગેવાની હેઠળ રાજ્યપાલને સંબોધીને પ્રાંત અધિકારી મારફત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરોએ મોંઘવારીના વિરોધમાં અનોખું પ્રદર્શન કર્યું હતું. બળદગાડામાં બાઈક મૂકી પેટ્રોલ-ડીઝલના વધતા ભાવો સામે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. પૂર્વ સાંસદ કિશનભાઈ પટેલે જણાવ્યું હતું કે પેટ્રોલ અને ડીઝલના સતત વધી રહેલા ભાવોના કારણે સામાન્ય લોકો માટે વાહન ચલાવવું મુશ્કેલ બનતું જઈ રહ્યું છે. હાલની સ્થિતિ એવી બની રહી છે કે ભવિષ્યમાં લોકોને ફરીથી બળદગાડાનો સહારો લેવો પડે તેવી નોબત આવી શકે છે. આ જ સંદેશ આપવા માટે બળદગાડામાં બાઈક મૂકીને મોંઘવારી સામે પ્રતિકાત્મક વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.

આવેદન પત્રમાં કરાયેલ રજૂઆત અનુસાર વધતી મોંઘવારીના કારણે ગરીબ, મધ્યમ વર્ગ અને ખેડૂતો સૌથી વધુ પ્રભાવિત થયા છે. પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવવધારાની અસર રોજિંદી વપરાશની તમામ ચીજવસ્તુઓ પર પડી રહી છે, જેના કારણે ઘરેલું બજેટ ખોરવાઈ રહ્યું છે. વિદ્યાર્થીઓના શિક્ષણ ખર્ચ, ફી અને પુસ્તકોની ખરીદી પણ અનેક પરિવારો માટે પડકારરૂપ બની રહી છે.

વધુમાં ખેતીમાં વપરાતા ખાતર, દવા અને અન્ય કૃષિ સામગ્રીના વધતા ભાવોને કારણે ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ વધી રહ્યો હોવાનું જણાવાયું હતું. પાકના યોગ્ય ભાવ ન મળતા ખેડૂતો આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે.

કોંગ્રેસ સમિતિએ સરકારને તાત્કાલિક અસરથી મોંઘવારી પર નિયંત્રણ લાવવા, પેટ્રોલ-ડીઝલ, ગેસ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ ઘટાડવા તેમજ ખેડૂતો અને સામાન્ય નાગરિકોને રાહત મળે તેવા અસરકારક પગલાં ભરવાની માંગ કરી હતી. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દેવુભાઈ મોકાશી, તાલુકા મંત્રી મુફિદ પઠાણ, તાલુકા પંચાયતના સભ્ય નરેશભાઈ સહિત ચૂંટાયેલા સદસ્યો તેમ જ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપીમાં સગીરા પર દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપીમાં સગીરા ઉપર દુષ્કર્મ આચારનાર આરોપી રાજકુમાર ભોલાસિંઘને ૨૦ વર્ષની સખત કેદની સજા સાથે ગુજરાત વિક્ટટીમ કોમ્પનસ્ટેશન સ્કીમ હેઠળ ચાર લાખનું વળતર ચુકવવાનો આદેશ કરાયો છે.



પ્રાપ્ત વિગતો મુજબ, પીડિતાનો પરિવાર વાપીના મોરાઈ વિસ્તારમાં રહેતો હતો. પીડિતાની માતા આરોપીને રાખડી બાંધતી હોવાથી બાળકો તેને 'મામા' તરીકે ઓળખતા હતા. જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન માતા-પિતા નોકરીએ ગયા હતા ત્યારે આરોપીએ સગીરાને લસ્સીમાં ઘેનની ગોળી પીવડાવી બેભાન કરી હતી.

આરોપીએ બેભાન સગીરા સાથે દુષ્કર્મ આચરી તેના મોબાઈલમાં અશ્લીલ ફોટા અને વીડિયો ઉતારી લીધા હતા. આ વીડિયો અને ફોટા વાયરલ કરવાની તેમજ ચહેરા પર એસિડ ફેંકવાની ધમકી આપીને આરોપી લાંબા સમય સુધી સગીરાનું શારીરિક અને માનસિક શોષણ કરતો રહ્યો હતો. પીડિતા ઉત્તરપ્રદેશમાં પોતાના નાના ના ઘરે રહેવા જતી રહી હતી, તેમ છતાં આરોપી ત્યાં સુધી પહોંચીને તેને હેરાન કરતો રહ્યો હતો. એપ્રિલ ૨૦૨૧માં આરોપીએ પીડિતાના પરિવારજનો અને સગા-સંબંધીઓને અલગ-અલગ વ્હોટ્સએપ નંબર પરથી અશ્લીલ વીડિયો અને ફોટા મોકલી દીધા હતા. ત્યારબાદ પરિવાર દ્વારા વાપી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ અંગેના કેસમાં વાપી સ્પોર્ટના સ્પેશિયલ જજ ડોક્ટર એચ એન વકીલની કોર્ટમાં આરોપી વિરુદ્ધ સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની ધારદાર રજૂઆત અને પુરાવા તેમજ એફએસએલના પુરાવા રજૂ કરવામાં આવતા કોર્ટે આરોપીને પોક્સો એક્ટની કલમ-૬ અને IPC કલમ ૩૭૬(૨)(ફ) હેઠળ ૨૦-૨૦ વર્ષની સખત કેદ, IPC કલમ ૫૦૬ હેઠળ એક વર્ષની સજા તથા આઈટી એક્ટની કલમ ૬૭(B) હેઠળ પાંચ વર્ષની સજા ફટકારી છે. અદાલતે સ્પષ્ટ કર્યું હતું કે તમામ સજાઓ આરોપીએ એક સાથે ભોગવવાની રહેશે.


CBSE AFFILIATED - 430373

RAJHANS EDUCATION TRUST'S

**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS

Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191


## વાપી ગુંજન વિસ્તારમાં ૪ કલાક સુધી વીજળી ડૂલથી લોકો અકળાયા

**ભર ઉનાળે ડૂલ થયેલી વીજળી સાંજ સુધી પૂર્વવત્ ન થતાં લોકો પરેશાન, વીજ કંપનીનો ફોન પણ સતત વ્યસ્ત રહ્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપીના ગુંજન વિસ્તારમાં ગુરુવારે અચાનક થયેલા લાંબા વીજ પુરવઠા વિક્ષેપના કારણે સ્થાનિક રહેવાસીઓ અને વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બપોરના સમયે વીજળી ડૂલ થતાં સમગ્ર વિસ્તારમાં ગરમી અને બફારાના કારણે લોકો અકળાઈ ઉઠ્યા હતા. અંદાજે ચાર કલાક સુધી વીજ પુરવઠો બંધ રહેતાં ઘરગથ્થુ કામકાજ, વેપાર-ધંધા તેમજ ઓફિસના કાર્યો પર અસર જોવા મળી હતી.ભર ઉનાળાના દિવસોમાં વીજળી બંધ રહેતાં વૃદ્ધો, બાળકો અને દર્દીઓને ખાસ કરીને વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અનેક રહેવાસીઓએ વીજ કંપનીના કસ્ટમર કેર નંબર પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ફોન સતત વ્યસ્ત આવતાં લોકોને યોગ્ય માહિતી મળી શકી નહોતી. જેના કારણે વીજ પુરવઠો ક્યારે શરૂ થશે તે અંગે અનિશ્ચિતતા સર્જાઈ હતી.

સ્થાનિકોએ જણાવ્યું હતું કે ગુંજન વિસ્તારમાં સમયાંતરે વીજ પુરવઠાની સમસ્યા સર્જાતી રહે છે અને તેને લઈને અનેક વખત રજૂઆતો પણ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ જીઆઈડીએ સરદાર ચોક પાસે ટ્રાન્સફોર્મરમાં ધડાકો થયા બાદ વીજળી ડૂલ થઈ હતી.

**ડુંગરીમાં થયેલી રૂા. ૯.૦૨ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલયો**

## વાપીના બે સહિત રૂા.૧૬.૪૧ લાખના મુદ્દામાલ સાથે ૭ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૧:** પારડી તાલુકાના ડુંગરીગામના બેરવાડ ફળિયામાં રહેતા પન્નાબેન પટેલ ૨૩ મેના રોજ સાંજે પરિવાર સાથે ભાઈના દીકરાની બર્થ-ડે પાર્ટીમાં ગયા હતા. આ સાંજે અજાણ્યા ચોરો એ ઘરના મુખ્ય દરવાજાનું તાળું તોડી બેડરૂમના કબાટ અને સેટી પલંગના ડ્રોવરમાંથી રૂા. ૮.૨૨ લાખના સોનાના દાગીના અને રૂા. ૮૦ હજાર રોકડા મળી કુલ રૂા. ૯.૦૨ લાખની ચોરી કરી ભાગી છૂટ્યા હતા. આ અંગે પારડી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી આ કેસમાં પારડી પોલીસ અને વલસાડ એલસીબીની ટીમે ઘટનાસ્થળની આજુબાજુના સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ એનાલીસીસના આધારે શંકાસ્પદ ઈસમો અને ગુનામાં વપરાયેલી બાઈક શોધી કાઢી હતી. બાતમીના આધારે મુખ્ય બે આરોપીઓને વાપીથી અને અન્ય પાંચ સાગરીતોને ભાવનગર ખાતેથી



દબોચી લેવાયા હતા. જેમાં સમીર સલીમ યાકુબ ડેરૈયા, આદિલ ઉર્ફે તપેલી મહેબુબ સલેમાન મલેક બંને રહે.ભાવનગર, અસ્લમ ઉર્ફે ભંગારી ફિરોજ હુસેન સૈયદ રહે.પાલીતાણા સિહોર, દીપક ઉર્ફે કાળુ નારણ શિવા ગોહીલ, હરેશ સોમા શામજી મકવાણા બંને રહે.ભાવનગર શ્રી બોમ્બે સ્પોટ દુકાનના સોની વેપારી સયાજીરાવ દિલીપરાવ આકારામ ગાયકવાડ અને મહુવા રિફાયનરી દુકાનના સોની વેપારી ધર્મેન્દ્રભાઈ કિશનભાઈ ક્ષીરસાગર બંને રહે. ભાવનગરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપીઓ પાસેથી સોનાની કડી નંગ-૨ કિં. રૂ. ૧૪,૩૭,૫૦૦ અને રોકડા રૂા. ૪,૩૦૦ સાથે આરોપીઓ પાસેથી ૫ મોબાઈલ, ચોરીની બાઈક સહીત કુલ રૂા. ૧૬,૪૧,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. મુખ્ય આરોપી સમીર ડેરૈયાએ પોલીસને જણાવ્યું કે, દિપક ઉર્ફે કાળુ મારફતે દાગીના વેચી રૂા. ૧૨.૫૦ લાખ મેળવીને તે પૈસામાંથી રૂા. ૧.૬૨ લાખનો આઈફોન ૧૭ પ્રો ખરીદ્યો હતો. આરોપી સમીર ડેરૈયા વિરુદ્ધ ઘરફોડ ચોરી, બાઈક ચોરી દારૂ અને જુગાર સહિત આશરે ૨૪ જેટલા ગંભીર ગુના ગુજરાત અને સંઘપ્રદેશ દમણ-સેલવાસમાં નોંધાઈ ચૂક્યા છે. જ્યારે આદિલ ઉર્ફે તપેલી સામે ૧૦ અને અરસ્લમ સામે ૬ ગુના નોંધાયેલા છે. આ ગેંગ અગાઉ દમણ અને સેલવાસ પોલીસના હાથે પકડાતા સબ જેલ ભેગી થઈ હતી, પરંતુ માત્ર એક મહિના પહેલા જેલમાંથી છૂટતા જ સુધરવાને બદલે ફરી સક્રિય થઈ આ મોટી ચોરીને અંજામ આપ્યો હતો.

## વલસાડના કાંઠાની સરકારી જમીનો પર ગેરકાયદે ઝીંગા તળાવો

**દાંતી, કકવાડી, ભાગલ, માલવણ, સહિતના ગામોમાં દબાણ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ તાલુકાના દરિયાકાંઠાના ગામોમાં સરકારી જમીનો પર ગેરકાયદેસર રીતે ઝીંગા તળાવો બનાવી દેવાનું કૌભાંડ ફરી એકવાર જોરશોરથી શરૂ થયું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. થોડા વર્ષ અગાઉ વલસાડ જિલ્લા કલેક્ટરની સૂચનાથી પ્રાંત અધિકારી દ્વારા કેટલાક ઝીંગા તળાવો દૂર કરવામાં આવ્યા હતા. વલસાડ તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા દાંતી, કકવાડી, ભાગલ, માલવણ, સહિતના અન્ય કાંઠા વિસ્તારના ગામોમાં સરકારી અને ગૌચરની કિંમતી જમીનો પર ગેરકાયદેસર કબ્જો જમાવીને મોટા પાયે ઝીંગા તળાવોનું નિર્માણ કરી દેવામાં આવ્યું છે. થોડા વર્ષો અગાઉ વલસાડ જિલ્લા કલેક્ટરની કડક સૂચના બાદ પ્રાંત અધિકારી અને મહેસૂલ વિભાગની ટીમ દ્વારા આ વિસ્તારોમાં ત્રાટકીને કરોડો રૂપિયાની સરકારી જમીન પરથી ગેરકાયદેસર ઝીંગા તળાવોના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. તંત્રની આ કામગીરીથી ભુમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો, પરંતુ સમય જતાં તંત્રની ઢીલી નીતિનો લાભ ઉઠાવીને તત્વો ફરી સક્રિય થયા છે.

અગાઉ જે સ્થળોએથી દબાણો હટાવવામાં આવ્યા હતા, તે જ સરકારી જમીનો પર કોઈ પણ જાતની મંજૂરી વગર ફરીથી રાતોરાત ઝીંગા તળાવો બનાવી દેવામાં આવ્યા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે સ્થાનિક પર્યાવરણ અને જમીનની ફળદ્રુપતાને પણ મોટું નુકસાન થઈ રહ્યું હોવાની ભીતિ સેવાઈ રહી છે.

હાલમાં આ મામલે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે સરકારી જમીન પર વારંવાર થતા આ દબાણો પાછળ કોના આશીર્વાદ છે? કાંઠા વિસ્તારના જાગૃત નાગરિકો દ્વારા વલસાડ જિલ્લા કલેક્ટર અને પ્રાંત અધિકારી આ બાબતે તાત્કાલિક કડક તપાસ કરાવી, જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરે અને ફરીથી આ દબાણો કાયમી ધોરણે દૂર કરે તેવી માંગ કરવામાં આવી રહી છે.

## મોગરાવાડીમાં જુગાર રમતા ૪ ઝડપાયા


(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ સીટી પોલીસની ટીમને મળેલી બાતમી આધારે વલસાડના મોગરાવાડી, મોટાતળાવ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં છાપો મારતા હારજીતનો જુગાર રમતા ચાર ઈસમોને ઝડપી પાડી તેઓની પાસેથી ૨૬,૬૯૦ રૂપિયાનો મુદ્દા માલ કબજે કર્યો છે. વલસાડ સીટી પોલીસની ટીમ વિસ્તારમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં ફરતી હતી. તે દરમિયાન બાતમી મળતા પોલીસની ટીમ મોગરાવાડી શ્વેતા પાર્ક, મોટા તળાવ પાસે ખુલ્લા મેદાનમાં કેટલાક ઈસમો ભેગા મળી પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે છાપો મારતા જુગાર રમતા પકડાયેલા આરોપીઓમાં અશ્વિનભાઈ નરોત્તમભાઈ પટેલ, દિવ્યેશભાઈ મુકેશભાઈ પટેલ, રીતેશભાઈ સત્યનારાયણ ખટીક, પ્રજ્ઞેશભાઈ પ્રવિણભાઈ પટેલને ઝડપી પાડીએ રોકડા રૂા. ૨૫૧૦, અંગ જડતી કરતા રોકડા રૂા. ૧૪,૧૮૦ તથા ૨ નંગ મોબાઈલ ફોન કિંમત રૂા. ૧૦,૦૦૦ મળી કુલ રૂા. ૨૬,૬૯૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. જે અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## વીઆઈએ કારોબારીની બેઠકમાં પ્રમુખ તરીકે સતિષ પટેલ અને હોદ્દેદારોની વરણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના બિનહરીફ ચૂંટાયેલા કારોબારી સભ્યોની પહેલી મિટીંગ ૧૧ જૂન ૨૦૨૬ના ગુરુવારે મળી હતી. જેમાં માનદ મંત્રી કલ્પેશભાઈ વોરાએ જાણ કરી હતી કે વીઆઈએની એડવાઈઝરી બોર્ડ મેમ્બરની નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં એક મિટીંગ મળી હતી. જેમાં નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ ૨૦૨૩-૨૦૨૬ના હોદ્દેદારોની પુનઃનિયુક્તિની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમની ભાવનાને એડવાઈઝરી બોર્ડના મેમ્બર યોગેશભાઈ કાબરીયા, મિલનભાઈ



દેસાઈ,એ.કે.શાહ તેમજ અન્ય એડવાઈઝરી મેમ્બર દ્વારા આવકારી ૨૦૨૬-૨૦૨૯ના ત્રણ વર્ષ માટે તેજ હોદ્દેદારોની પુનઃ નિયુક્તિ કરવા માટે સંમતિ દર્શાવી હતી. ગુરુવારે મળેલી કારોબારીમાં કલ્પેશભાઈ વોરાએ વીઆઈએના પ્રમુખ પદે સતિષભાઈ પટેલ, ઉપ પ્રમુખ પદે મગનભાઈ સાવલિયા, માનદ મંત્રી પદે કલ્પેશભાઈ વોરા, ખજાનચી પદે રાજુલભાઈ શાહ તથા સહમંત્રી પદે ચંદ્રેશભાઈ મારુંના નામની દરખાસ્ત મૂકી હતી જેને હાજર કારોબારીના સભ્યોએ સર્વસંમતિથી વધાવી લઈ નવા કાર્યકાળ માટે વીઆઈએના ૨૦૨૬થી ૨૦૨૯ના વર્ષ માટે પ્રમુખ પદે સતિષભાઈ પટેલ, ઉપ પ્રમુખ પદે મગનભાઈ સાવલિયા, માનદ મંત્રી પદે કલ્પેશભાઈ વોરા, ખજાનચી પદે રાજુલભાઈ શાહ તથા સહમંત્રી પદે ચંદ્રેશભાઈ મારુંની સર્વસંમતિથી વરણી કરવામાં આવી હતી.

## શનિવારથી ઉમરગામમાં ફ્લાઈંગ રાણીને લીલી ઝંડી

(દમણગંગા ટાઈમ્સ)

**વાપી, તા. ૧૧ :** ઉમરગામ અને સંજાણ સહિત સમગ્ર પંથકના રેલવે મુસાફરો માટે મુંબઈ-સુરત વચ્ચે દોડતી પ્રતિષ્ઠિત ફ્લાઈંગ રાણી એક્સ્પ્રેસ ને ઉમરગામ રેલવે સ્ટેશન ખાતે સ્ટોપેજ શરુ થશે.

આગામી ૧૩ જૂન, ૨૦૨૬ના રોજ મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશનથી ઉમરગામ રેલવે સ્ટેશન ખાતે આવતી ફ્લાઈંગ રાની ટ્રેનને ફ્લેગ ઓફ માટે આયોજિત એક વિશેષ કાર્યક્રમ સાંજે ૬ કલાક યોજાશે જેમાં ગુજરાત સરકારના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, લોકસભાના દંડક, વલસાડ-ડાંગ ના સાંસદ ધવલભાઈ પટેલ,વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર સહિતના ધારાસભ્યો તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ફ્લાઈંગ રાણી ટ્રેનને ૭.૫૮ કલાકે ઉમરગામ રેલવે સ્ટેશન ખાતેથી લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવશે સાંસદ ધવલભાઈ પટેલના વિશેષ પ્રયત્નથી આ સ્ટોપેજ શરૂ થવાથી ઉમરગામ અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં વસતા હજારો લોકોને સુવિધા મળશે. સ્થાનિક અર્થતંત્ર અને વેપાર-રોજગારને પણ મોટો વેગ મળશે.


**નેમિનાથ ટ્રેડર્સ**

ખીલા · વાયર · વેલ્ડમેસ · ખીલી · હુક · જાળી · નટબોલ્ટ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

Email : neminathtradersvapi@gmail.com


## વાપીમાં નાણામંત્રીની અધ્યક્ષતામાં મહાઆરતી યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૧ :** દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ને કેન્દ્રમાં સુકાન સંભાળે ૧૨ વર્ષ એટલે કે ૪૩૯૯ દિવસ પૂર્ણ થયા જેના અનુસંધાને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી તેમજ પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં વાપી નોટીફાઈડ સ્થિત અંબામાતા મંદિર જીઆઈડીસી. ખાતે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, મેયર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ, અગ્રણી ઉદ્યોગપતિ એ. કે. શાહ, કમલેશભાઈ પટેલ સહિત મંદિરના સંચાલકો, અનેક અગ્રણીઓ અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતાં.


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**